ignou THE PEOPLE'S UNIVERSITY ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી

BAOU Education for all ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

દ્વિતીય વર્ષ બી.એ.

ઈતિહાસ : પેપર - ૦૪

# સલ્તનત કાલીન ઈતિહાસ

(ઈ.સ.૧૩મી થી ઈ.સ.૧૫મી સદી સુધી)

(મુખ્ય વિષય તથા ગૌણ)

વિભાગ

# 2

## ભારતની રાજનીતિ : સલ્તનત યુગ

## (Indian Polity : the Sultanate)


એકમ 16

સલ્તનત સમયની શાસન-વ્યવસ્થા
(Administration of the Sultanate) 7

એકમ 17

સલ્તનત સમયના શાસક વર્ગનું સંગઠન
(Formation of the Sultanate Ruling-Class) 18

એકમ 18

સમસ્યા, સંકટ અને પતન
(Problem, Crisis and Decline) 25

પરિશિષ્ટ (Appendix) 31

## Expert Committee

Prof. K.N. Panikkar *(Chairman)*
Prof. B.D. Chattopadhyaya

Prof. S. Bhattacharya
Centre for Historical Studies
Jawaharlal Nehru University
New Delhi

Prof. Dwijendra Tripathi
Indian Institute of Management
Ahmedabad

Prof. A.J. Syed
History Department
Bombay University
Bombay

Prof. Sudhir Chandra
Centre for Social Studies
Surat

Prof. Anirudha Ray
Department of Islamic History and Culture
Calcutta University
Calcutta

Prof. Gyan Pandey
History Department
Delhi University
Delhi

Dr. Aloka Parashar Sen
History Department
University of Hyderabad
Hyderabad

Dr. A.R. Khan
Dr. Kapil Kumar *(Convenor)*
IGNOU, New Delhi

## Course Team

Dr. Kapil Kumar
Ms. Sangeeta Pandey
Ms. Mira Rai
Dr. Ahmed Raza Khan } (Course Coordinators)
Dr. Abha Singh

## Block Preparation Team

| Unit No. | Contributors | Faculty Members : IGNOU |
|---|---|---|
| 16 & 17 | Dr. Kiran Dattar<br>Department of History<br>Janki Devi Mahavidyalaya<br>Delhi University | Dr. A.R. Khan<br>Dr. Abha Singh |
| 18 | Prof. A. Jan Qaiser and<br>Dr. Jigar Mohammed<br>Department of History<br>Jammu University<br>Jammu | Ms. Sangeeta Pandey |
| Course Editor : | Prof. A. Jan Qaisar<br>Centre of Advanced Study in History<br>AMU<br>Aligarh | Block Coordinator<br>Dr. A.R. Khan |



આ પુસ્તિકામાંની અભ્યાસ-સામગ્રી મૂળે ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી,
નવી દિલ્હી, દ્વારા તૈયાર કરાવવામાં આવી છે. તેની સંમતિથી
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (અમદાવાદ)એ
તેનો ગુજરાતી અનુવાદ કરાવી આ પુસ્તિકા પ્રસિદ્ધ કરી છે.



*© Indira Gandhi National Open University.*

*All rights reserved. No part of this work may be reproduced in any form, by mimeograph or any other means, without permission in writing from the Indira Gandhi National Open University.*

**અનુવાદ :**

પ્રો. (ડૉ.) પી. જી. કોરાટ — ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર

**પરામર્શ (વિષય) :**

પ્રો. (ડૉ.) કે. સી. બારોટ — અધ્યાપક, એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-380009

**પરામર્શ (ભાષા) :**

પ્રો. (ડૉ.) એમ. એલ. પઢિયાર — અધ્યાપક, એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-380009

**સંપાદન અને સંયોજન :**

ડૉ. પી. કે. મહેતા — નિયામક, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-380003

**સંયોજન સહાય :**

શ્રી એસ. એચ. બારોટ — મદદનીશ કુલસચિવ
શ્રી ડી. આઈ. શાસ્ત્રી — કાર્યાલય અધીક્ષક
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ-380003

પ્રકાશક
કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
''જ્યોતિર્મય'' પરિસર, શ્રી બાલાજી મંદિર સામે, સરખેજ-ગાંધીનગર હાઈ-વે, છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧
શ્ર સર્વ હક સ્વાધીન. આ પુસ્તિકાના લખાણ યા તેના કોઈ પણ ભાગને
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની લેખિત સંમતિ વગર
મિમિયોગ્રાફી દ્વારા યા અન્ય કોઈ પણ રીતે પુનઃ મુદ્રિત કરવાની મનાઈ છે.

# ભારતની રાજનીતિ : સલ્તનત યુગ
# (Indian Polity : the Sultanate)

તુર્ક વિજયને પરિણામે ભારતમાં દિલ્હી સલ્તનતની સ્થાપના, વિસ્તાર અને વૃદ્ધિ વિશે તમે વિભાગ-4માં અભ્યાસ કરી ગયા - નવા પ્રદેશો જીતવા એ નિ:શંક એક મહત્ત્વપૂર્ણ બાબત છે. પરંતુ નવા જિતાયેલા પ્રદેશોને એક લાંબા સમય સુધી વર્ચસ્વ નીચે રાખવા એ એક અતિ કપરું કાર્ય છે, એ પણ એવા સમયે કે જ્યારે વિજેતા નવા જિતાયેલા પ્રદેશો અંગે ખૂબ જ ઓછી જાણકારી ધરાવતા હોય તેમ જ તે પ્રદેશોની પરંપરાગત વહીવટી વ્યવસ્થાથી અપરિચિત હોય. આથી, સ્વાભાવિક રીતે જ તુર્ક વિજયનાં પ્રારંભિક વર્ષોમાં વહીવટી વ્યવસ્થાના માળખામાં કોઈ મોટા ફેરફારો કરવામાં આવ્યા ન હતા. અલબત્ત, કેટલાક વિસ્તારોમાં ઇસ્લામી ઢબની વહીવટી સંસ્થાઓ સ્થાપિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. વિભાગ-5માં ભારત અને ઇસ્લામી દેશોની મિશ્રિત વ્યવસ્થા અંગે ચર્ચા કરીશું.

એકમ 16માં વહીવટી ઢાંચો, તેના અધિકારીઓ અને તેઓની કામગીરી પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. આ પ્રદેશના વિજેતાઓ મુસ્લિમો હતા આથી પોતાની સાર્વભૌમ સત્તાની કાયદેસરતા માટે તેઓને ખલીફા સાથે સંબંધ જોડવો પડ્યો હતો. તોપણ દિલ્હી સલ્તનતનું મૂળભૂત સ્વરૂપ ક્યારેય ધાર્મિક બન્યું ન હતું. તમે જ્યારે કેન્દ્રીય અને પ્રાંતીય વહીવટ અંગે અભ્યાસ કરશો ત્યારે આ કથનનું સમર્થન કરી શકશો. અહીં અમે એ બાબત પર ભાર મૂકવા માંગીએ છીએ કે તમે મહેસૂલી વ્યવસ્થા અને પ્રાંતીય વહીવટ (ઈકતા) પર વિશેષ ધ્યાન આપો કારણ કે આ બંને સલ્તનતકાળના વહીવટી તંત્રના મુખ્ય આધારસ્તંભો છે.

એકમ 17માં તમે શાસક વર્ગની સંરચના અંગે અભ્યાસ કરશો. આ સંરચનામાં પ્રાંતીય વ્યવસ્થા (ઈકતા)ની મુખ્ય ભૂમિકા હતી. તમે એ પણ જોઈ શકશો કે આ સમયે શાસક વર્ગ સંગઠિત ન હતો. આ વર્ગમાં અંદરના અને સ્પષ્ટ મતભેદો તેમ જ હરીફાઈની ભાવના જોવા મળે છે. કુલીન વર્ગનો સમૂહ કે જે કબીલાઓના આધાર પર રચાયેલો હતો તે આ મતભેદો માટેનું મુખ્ય કારણ હતું. આથી તમે એ પણ જોઈ શકશો કે જુદા જુદા સુલતાનોને આધીન એવા અમીરો કે શાસક વર્ગનું માળખું અલગ હતું.

આ 5મા વિભાગના છેલ્લા 18મા એકમમાં તમે દિલ્હી સલ્તનતની સમસ્યાઓ, સંકટ અને આખરે પતનનો અભ્યાસ કરશો. સુલતાન અને અમીર વર્ગના સંબંધો કાયમ મીઠાશભર્યા રહ્યા ન હતા. કુલીન વર્ગ દ્વારા સુલતાન ઉપર દબાણ લાવવાની યુક્તિ-પ્રયુક્તિઓ સુલતાનની તાકાતને ક્ષીણ કરતી હતી. પ્રાંતીય ગવર્નરો પોતાની શક્તિ વધારવા કે પછી પોતાના જાતિગત સમૂહોનો પ્રભાવ વધારવા કાયમ તત્પર રહેતા. પરિણામે પ્રાંતીય ગવર્નરોના કેટલાય વિદ્રોહો થયા. જેણે આખરે તો કેન્દ્રીય સત્તાને નબળી પાડી. આ પરિસ્થિતિમાં પ્રાદેશિક સત્તાઓના ઉદય માટેનો માર્ગ મોકળો થયો. અંતે બાબરના આક્રમણે દિલ્હી સલ્તનતનું પતન નોતર્યું.

# એકમ 16 સલ્તનત સમયની શાસન-વ્યવસ્થા (Administration of the Sultanate)

**રૂપરેખા**

16.0 હેતુઓ
16.1 પ્રાસ્તાવિક
16.2 દિલ્હી સલ્તનત અને ખિલાફત
16.3 દિલ્હી સલ્તનતનું સ્વરૂપ
16.4 કેન્દ્રીય શાસન
16.4.1 સુલતાન
16.4.2 દીવાન-ઈ-વિઝારત
16.4.3 દીવાન-ઈ-અરિઝ
16.4.4 અન્ય વિભાગો
16.4.5 ગુલામી પ્રથા અને શાહી કારખાના-પદ્ધતિ
16.5 મહેસૂલી વ્યવસ્થા
16.6 ઈકતા વ્યવસ્થા અને પ્રાંતીય વહીવટ
16.6.1 ઈકતા વ્યવસ્થા
16.6.2 પ્રાંતીય અને સ્થાનિક વહીવટ
16.7 સારાંશ
16.8 ચાવીરૂપ શબ્દો
16.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

## 16.0 હેતુઓ

વિભાગ 4માં તમે દિલ્હી સલ્તનતની સ્થાપનાનો ઇતિહાસ અને તેના સીમાડાઓની વૃદ્ધિ-વિસ્તાર અંગે અભ્યાસ કરી ગયા. આ એકમમાં તમારા અભ્યાસની મુખ્ય બાબત દિલ્હી સલ્તનતની વહીવટી વ્યવસ્થા છે. આ એકમના અભ્યાસ દ્વારા તમે નીચેની બાબતો અંગે જાણકારી મેળવી શકશો :

- સુલતાનનો ખલીફા સાથે સંઘર્ષ
- દિલ્હી સલ્તનતનું સ્વરૂપ
- કેન્દ્રીય અને પ્રાંતીય કક્ષાના જુદા જુદા વિભાગો
- વહીવટી તંત્ર સાથે સંકળાયેલા મુખ્ય અધિકારીઓ
- વહીવટી તંત્રને નિયંત્રિત કરતી મુખ્ય પદ્ધતિઓ

## 16.1 પ્રસ્તાવિક

તમે વિભાગ-4માં કુતુબુદ્દીન ઐબકે કેવી રીતે દિલ્હી સલ્તનતનો પાયો નાખ્યો અને એ પછી મધ્ય એશિયા સાથેનો છેડો ફાડવાની પ્રક્રિયા શરૂ કરી એ બાબતોનો અભ્યાસ કરી ગયા. અમે દિલ્હી સલ્તનતના સીમાડાઓની વૃદ્ધિ અંગે પણ જણાવી ગયા છીએ. આ એકમમાં દિલ્હી સલ્તનતના કેન્દ્રીય અને પ્રાંતીય વહીવટ, મહેસૂલી વ્યવસ્થા તથા સલ્તનતના સ્વરૂપ અંગે ચર્ચા કરીશું.

## 16.2 દિલ્હી સલ્તનત અને ખિલાફત

પયગંબર ધર્મના વડા તેમ જ સામ્રાજ્યના પણ વડા હતા. મોહમ્મદ પયગંબરના અવસાન બાદ 'ખિલાફત' નામની સંસ્થા અસ્તિત્વમાં આવી. તેમને કોઈ પુત્ર ન હતો એટલે તેમના પછી ગાદીએ કોણ આવે તે અંગે ઝઘડો ઊભો થયો. આખરે તેમના વારસની ચૂંટણી કરવામાં આવી અને હજરત અબુ બકર પહેલા 'ખલીફ' થયા. ત્યારબાદ હજરત ઉંમર, હજરત ઉસ્માન અને હજરત અલીસાહેબની ખલીફા તરીકે ચૂંટણી થઈ. પ્રારંભમાં સત્તાના ઉત્તરાધિકારીના પ્રશ્ને ચૂંટણીનાં કેટલાંક તત્ત્વો હતાં. આ પ્રથા પ્રારંભની કબીલાઈ પ્રથાની પરંપરાઓથી ખાસ જુદી ન હતી. ઇસ્લામી વ્યવસ્થામાં ખલીફાને ધર્મનો સંરક્ષક અને રાજનૈતિક વ્યવસ્થાના રક્ષક તરીકે ઓળખવામાં આવતો. એક અર્થમાં ખલીફા સમગ્રતયા મુસ્લિમ સંપ્રદાયનો મુખિયા હતો. ઉપર જોયું તેમ પ્રથમ ચાર 'પવિત્ર ખલીફાઓ' પછી વંશપરંપરાગત શાસનપ્રથાનો પ્રારંભ થયો. જેની શરૂઆત ઈ.સ. 661માં ઉમ્માયદ વંશના શાસનથી થઈ. ઉમ્માયદ વંશના શાસનનું કેન્દ્ર સીરિયામાં આવેલ દમાસ્કસ ખાતે હતું. ઉમ્માયદ વંશ પછી 7મી સદીના મધ્યમાં અબ્બાસીદ વંશ સત્તાસ્થાને આવ્યો, જેના શાસનનું કેન્દ્રીય સ્થળ બગદાદમાં હતું.

સમયાન્તરે કેન્દ્રીય સત્તા ક્ષીણ થતી ગઈ અને ખલીફાની કેન્દ્રીય સંસ્થા ત્રણ મુખ્ય સત્તાકેન્દ્રો- સ્પેન (ઉમ્માયદ વંશની શાખાને આધીન) ઇજિપ્ત (ફાતિમી વંશને આધીન અને બગદાદ સૌથી જૂની)માં વહેંચાઈ ગઈ. પ્રત્યેક કેન્દ્ર મુસલમાનોની નિષ્ઠા પ્રાપ્ત કર્યાનો દાવો કરતા હતા. ભારતની ઉત્તર-પશ્ચિમી સરહદ નજીક કેટલાક નાના વંશોએ પોતાની સ્વતંત્ર સત્તા સ્થાપિત કરી દીધી હતી. જે પૈકી એકનું કેન્દ્ર ગજની હતું. અત્રે એ નોંધવું રસપ્રદ બનશે કે હકીકતમાં કોઈ મુસલમાન એક મોટા કે નાના 'સ્વતંત્ર' રાજ્યની સ્થાપના કરી શક્યો ન હતો. આવા કોઈ પણ રાજ્ય માટે ખલીફાની મંજૂરી મેળવવી જરૂરી હતી, અન્યથા મુસલમાનોની નજરમાં આવા રાજ્યની કાયદેસરતા શંકાસ્પદ બની રહેતી. અલબત્ત, ખલીફાની આ પ્રકારની અનુમતિ એક ઔપચારિકતાથી વિશેષ મહત્ત્વ ધરાવતી ન હતી.

દિલ્હીના સુલતાનો પોતાની વફાદારી દર્શાવવા માટે ખલીફા તરફથી મળતા પ્રતીકાત્મક સન્માન-સૂચક વસ્ત્રો, ઉપાધિઓ, માન્યતાપત્ર વગેરે મેળવતા તેમ જ સિક્કાઓ પર ખલીફાનું નામ કોતરાવતા અને શુક્રવારની નમાજ સમયે ખલીફાના નામે 'ખુતબા' પઢાવતા. જે ઇસ્લામી જગત યા તો વ્યવસ્થાનો સ્વીકાર કરવા કે પછી તેની સાથે સંબંધો જાળવી રાખવાના એક પ્રતીક સમાન કાર્ય હતું. હકીકતમાં આ એક એવી સ્થિતિનો સ્વીકાર માત્ર હતો કે જેમાં કોઈ શાસક પોતે પોતાને જ સત્તાસ્થાને સ્થાપિત કરી ચૂક્યો હોય.

દિલ્હીના સુલતાનોએ ખલીફાપદની મહાનતા અને મહત્તાનો જે એક ભ્રમ હતો તે જાળવી રાખ્યો : સૈયદ વંશ (ઈ.સ. 1414 - 1451) તથા લોદી વંશ (ઈ.સ. 1451 - 1526) દરમ્યાન સિક્કાઓ પર ખલીફા સંબંધેનાં લખાણ એક પરંપરા તરીકે જળવાઈ રહ્યાં. પરંતુ આ નામ- માત્ર પૂરતું જ મર્યાદિત હતું. એક સંસ્થા તરીકે ખિલાફત નબળી થઈ ચૂકી હતી. વળી, અંતર પણ એટલું બધું હતું કે બગદાદનો ખલીફા દિલ્હી સલ્તનતમાં કોઈ હસ્તક્ષેપ કે પછી ભૂમિકા ભજવી શકે તેવી સ્થિતિમાં ન હતો.

**'તમારી પ્રગતિ ચકાસો'-અ**

1. ખલીફાની સૈદ્ધાંતિક સ્થિતિ કેવી હતી ?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

2. પ્રથમ ચાર 'પવિત્ર ખલીફા'નાં નામ આપો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

3. ખિલાફતનાં મુખ્ય ત્રણ સત્તાકેન્દ્રો કયાં હતાં ?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

4. ખિલાફત પ્રત્યે નિષ્ઠા દર્શાવવા માટે દિલ્હીના સુલતાનો શું શું કરતા હતા ?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

## 16.3 દિલ્હી સલ્તનતનું સ્વરૂપ

સિંધમાં આરબોનું આગમન હિંદના રાજકારણમાં કોઈ મોટી ઊથલપાથલ મચાવી શક્યું નહીં. પરંતુ ત્રણેક સદી પછી ઝનૂની તુર્કી લોકોએ હિંદમાં પ્રવેશ કર્યો. સંસ્કારી આરબોને બદલે મધ્ય એશિયાની એ અર્ધસંસ્કારી અને ઝનૂની તુર્ક જાતિ દ્વારા હિંદને ઇસ્લામનો ઘણો આકરો અને લાંબા ગાળાની અસરો પાડતો પરિચય થયો.

હિંદમાંનાં યુદ્ધોમાં મેળવેલા વિજયોને આધારે ઉત્તર ભારતમાં પ્રારંભિક મુસ્લિમ તુર્ક રાજ્યની સ્થાપના થઈ. સ્થાનિક પ્રજાની તુલનાએ તુર્ક પ્રજા અલ્પ સંખ્યામાં હતી. આ ઉપરાંત નવસ્થાપિત રાજ્યની જરૂરિયાતોના સંદર્ભે આ વિસ્તારના સાધન-સ્રોત પર અધિકાર મેળવવો તુર્ક શાસકો

માટે ખૂબ જ જરૂરી હતો. આ બાબતે દિલ્હી સલ્તનતના સ્વરૂપને કંડારવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

સલ્તનત કાળ (ઇ.સ. 1206 - 1526) દરમ્યાન સુલતાન કુતુબુદ્દીન ઐબકથી માંડીને ઇબ્રાહીમ લોદી સુધીના કુલ 25 સુલતાનોએ 320 વરસ સુધી રાજ્ય કર્યું. મોહમ્મદ પયગંબર અને પછી થયેલા ચાર પવિત્ર ખલીફાઓએ ઉદાર અને સહિષ્ણુ નીતિ અપનાવેલી. કમનસીબે આમાંથી એક પણ સુલતાન ઇસ્લામની આ મૂળભૂત નીતિનો અમલ કરી શક્યા નહીં.

આ સમગ્ર સમય દરમ્યાન દિલ્હી સલ્તનત સ્વરૂપે એક મઝહબી કે ધર્મશાહી રાજ્ય હતું. ઇસ્લામ ધર્મ રાજ્યધર્મ હતો. આ રાજ્યમાં ઇસ્લામ સિવાય બીજા કોઈ ધર્મને કદી મહત્ત્વ મળ્યું નહીં. સુલતાનો ઇસ્લામના ચુસ્ત અનુયાયીઓ હતા, તેમના અમીરો અને મુખ્ય સલાહકારો પણ હંમેશાં ઇસ્લામના અનુયાયીઓ રહ્યા હતા અને વાસ્તવમાં, રાજ્યની બધી જ સાધનસંપત્તિ ઇસ્લામના રક્ષણ માટે જ હતી તથા ઇસ્લામના ફેલાવા માટે જ તેનો ઉપયોગ કરવાનો હતો તેમ માનવામાં આવતું અને તે માન્યતા અનુસાર જ સામાન્ય રીતે રાજનીતિનું ઘડતર કરવામાં આવતું હતું. ડૉ. આઈ. એચ. કુરેશી અને અન્ય કેટલાક ઇતિહાસકારો દિલ્હી સલ્તનતને ધર્મઆધારિત અથવા તો ધર્મકેન્દ્રિત કે પછી ધર્મશાહી યા તો મહઝબી રાજ્ય કહેવા તૈયાર નથી. ડૉ. કુરેશી માને છે કે "મઝહબી રાજ્યના મુખ્ય લક્ષણ - ધર્મગુરુઓની સંસ્થાનું શાસન-નો મુસ્લિમ સલ્તનતના વહીવટી તંત્રમાં અભાવ હતો." આમ છતાં તેઓ પણ એટલું તો કબૂલ કરે જ છે કે અન્ય મુસ્લિમ રાજ્યોની જેમ અહીં પણ કુરાનના પવિત્ર સિદ્ધાંતો - શરિયતના કાયદાઓને સર્વોપરી ગણવામાં આવતા, અન્ય કાયદાઓ કાં તો તેની નીચે ગણાતા અથવા તો તેમાં સમાઈ જતા હતા. આ ઇસ્લામી કાનૂનોનું અર્થઘટન કરનાર ઉલેમાઓ હતા. અલબત્ત, તેઓનો કોઈ વ્યવસ્થિત રચાયેલો સંઘ ન હતો, કે તેઓ વંશપરંપરાગત ધર્મગુરુઓનું પદ પણ ભોગવતા ન હતા છતાં, રાજ્યનીતિનું ઘડતર તથા તેનું માર્ગદર્શન પોતાના હાથમાં રાખવાને હંમેશાં આતુર રહેતા. આ નીતિ કુરાનના કાનૂનો પ્રમાણે ઘડાય તથા એ મુજબ જ શાસન ચાલે તેવો તે હંમેશાં આગ્રહ રાખતા. તેમના મત મુજબ સલ્તનતના ઇસ્લામી રાજ્યની મહત્ત્વની ફરજ હિંદને 'દાર-ઉલ-હરબ' (કાફિરોની ભૂમિ)માંથી 'દાર-ઉલ-ઇસ્લામ'(ઇસ્લામની ભૂમિ)માં ફેરવી નાખવાની હતી. અલબત્ત, અલાઉદ્દીન ખિલજી તથા મુહમ્મદ તઘલખે શાસનમાંથી ઉલેમાઓના વર્ચસને દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો.

આ ઉપરાંત ઇસ્લામી સાર્વભૌમત્વના સિદ્ધાંત મુજબ 'ખલીફા' સમગ્ર ઇસ્લામી દુનિયાનો સાર્વભૌમ હતો. 'ખિલાફત' ભાંગી પડી ત્યારે પણ આ પાયાનો સિદ્ધાંત તો જળવાઈ જ રહ્યો હતો. આમ છતાં આપણે એ નોંધવું જ રહ્યું કે શાસક વર્ગ ઇસ્લામ ધર્મનો અનુયાયી હતો, તોપણ રાજ્યની નીતિઓનું ઘડતર વિશિષ્ટ જરૂરિયાતો અને પરિસ્થિતિઓ અનુસાર જ થતું હતું.

## 16.4 કેન્દ્રીય શાસન

દિલ્હીના સુલતાનો સર્વસત્તાધીશ, આપખુદ અને સાર્વભૌમ હતા, છતાં ડૉ. આઈ. એચ. કુરેશીએ નોંધેલી એક આરબ ઉક્તિમાં કહેવામાં આવ્યું છે તે રીતે, "બહાદુરમાં બહાદુર માણસને પણ હથિયારની જરૂર રહે છે અને ડાહ્યામાં ડાહ્યા રાજવીને પ્રધાનોની જરૂર રહે છે." દિલ્હીના સુલતાનો માટે આ નિયમમાં અપવાદ ન હતો. કેન્દ્રીય શાસનનો વહીવટ સુલતાનની અધીનતામાં જુદા જુદા પ્રધાનો અને અમીરોની દેખરેખ નીચે થતો હતો.

### 16.4.1 સુલતાન

પ્રારંભની ઇસ્લામી વ્યવસ્થામાં સુલતાનપદનું કોઈ અસ્તિત્વ ન હતું. પરંતુ ખિલાફતની સત્તા નબળી પડતાં સુલતાન એક શક્તિશાળી શાસક તરીકે ઊપસી આવ્યો અને તે સલ્તનતના વહીવટી તંત્રનું કેન્દ્રબિંદુ બની ગયો.

સુલતાન રાજ્યનો સર્વોચ્ચ વડો હતો. સિદ્ધાંતમાં તે ખલીફાને આધીન હતો, પરંતુ વ્યવહારમાં તે સ્વતંત્ર હતો, સલ્તનતમાં વારંવાર રાજવંશોનું પરિવર્તન થયું. એક રીતે જોઈએ તો સુલતાનને સાર્વભૌમ સત્તા સમગ્ર મુસ્લિમ પ્રજા પાસેથી મળી હતી એમ માનવામાં આવતું હતું, પરંતુ હકીકતમાં તો થોડાક બળવાન અમીરો તથા લશ્કરની વફાદારી તે મેળવી લે તો પછી તેની સત્તાને બહુ વાંધો આવી શકતો નહીં.

આમ, દિલ્હી સલ્તનતના સુલતાનનું સ્થાન 'મઝહબ' કે 'ઉલેમા'ઓની સંમતિ કરતાં લશ્કરી બળ પર વધારે નિર્ભર હતું. જોકે બલબન, અલાઉદ્દીન ખિલજી, મુહંમદ તઘલખ અને સિકંદર લોદી જેવા સુલતાનોએ ઉલેમાઓ અને ધર્મગુરુઓના પ્રભાવથી મુક્ત થઈને રાજાપદનું ગૌરવ જાળવ્યું હતું.

#### રાજપરિવાર અને દરબાર

રાજપરિવારની સારસંભાળ માટે ઘણા અધિકારીઓ હતા. 'વકીલ-ઈ-દર' ઉપર સમગ્ર રાજમહેલ

તથા રાજપરિવારની દેખભાળ રાખવાની જવાબદારી હતી. સુલતાનના અંગત કર્મચારીઓના પગાર વગેરેની વહેંચણીનું કાર્ય તેણે કરવું પડતું હતું. 'અમીર-ઈ-હાજિબ' ઉપર રાજદરબારના સમારંભો અને રાજમહેલની મુલાકાતે આવતા-જતા મહેમાનોનું સ્વાગત-વિદાયના તમામ શિષ્ટાચારની જવાબદારી હતી. સુલતાન સમક્ષ આવેદન અને માગણીઓ અમીર-ઈ-હાજિબ દ્વારા જ રજૂ કરવામાં આવતી હતી. આ સિવાય અન્ય કેટલાક નાના અધિકારીઓ પણ હતા.

### 16.4.2 દીવાન-ઈ-વિઝારત

કેન્દ્રીય વહીવટમાં નાણાં વિભાગના વડા તરીકે વજીરનું સ્થાન સૌથી વધુ મહત્ત્વપૂર્ણ હતું. વજીર સલ્તનતનો મુખ્ય પ્રધાન હતો. સલ્તનતમાં તેનો મોભો અને પ્રભાવ વિશેષ હતાં. સુલતાનની ગેરહાજરીમાં તેના વતી તે શાસનનાં સૂત્રો પણ સંભાળતો હતો.

સામાન્ય રીતે વજીર વહીવટી તંત્રનો વડો હતો. પરંતુ તે સાથે તે નાણાખાતાનો પણ વડો હતો, એ તેની વિશેષ જવાબદારી હતી. આ નાણાં ખાતાનાં મુખ્ય કાર્યો આ પ્રમાણે હતાં :

1. મહેસૂલી વ્યવસ્થાના નિયમો ઘડવા અને મહેસૂલ વસૂલ કરવું.
2. રાજ્યના ખર્ચનો હિસાબ રાખવો તથા તેના પર નિયંત્રણ રાખવું.
3. રાજ્યની આવક-જાવકનો હિસાબ રાખવો.
4. અધિકારીઓ અને કર્મચારીઓને પગાર વહેંચવા.
5. મુલકી વહીવટ અને મુલકી અધિકારીઓ ઉપર અંકુશ રાખવો.

આ ઉપરાંત વજીરે લશ્કરી ખાતું, તેની વ્યવસ્થા અને તેની જરૂરિયાતોનું ધ્યાન રાખવાનું હતું કારણ કે આ ખાતાનો ખર્ચ તેના નાણાં ખાતા સાથે સંકળાયેલો હતો. ધાર્મિક ક્ષેત્રે થતી સખાવતો અને ગરીબોને અપાતી મદદ તે પણ વજીરના નાણાં ખાતાના અંકુશ નીચે હતાં. વજીરને તેની આ બધી સત્તા તથા મોભાને અનુરૂપ જ દરમાયો - સામાન્ય રીતે વિશાળ જાગીરમાં મળતો. વજીરના કાર્યાલયને 'દીવાન-ઈ-વિઝારત' તરીકે ઓળખવામાં આવતું. વજીર ઉપરાંત આ વિભાગમાં અન્ય કેટલાક અધિકારીઓ પણ હતા. જેમાં મુશરિફ-ઈ-મુમાલિક અથવા મુખ્ય હિસાબનીશ તથા મુસ્તૌફી-ઈ-મુમાલિક અથવા મુખ્ય હિસાબ તપાસનીશ મહત્ત્વપૂર્ણ હતાં. અલાઉદ્દીન ખિલજીના શાસનકાળમાં દીવાન-ઈ-મુસ્તખરાજ નામના અધિકારીને રાજ્ય તરફથી આપવામાં આવેલ લોન તથા બાકી રહેતું જમીન મહેસૂલ ઉઘરાવવાનું કાર્ય સોંપવામાં આવ્યું હતું.

### 16.4.3 દીવાન-ઈ-અરિઝ

દીવાન-ઈ-અરિઝ અથવા તો લશ્કર ખાતાનો વડો અરિઝ-ઈ-મુમાલિક હતો. સૈનિકો અને ઘોડાઓનાં વર્ણનો નોંધવાનું તથા તે અંગેનાં દફતરો રાખવાનું કામ તેના હસ્તક હતું. આ ઉપરાંત લશ્કરના નિરીક્ષણ માટે તે વખતોવખત 'પરેડ' પણ યોજતો. યુદ્ધ સમયે લશ્કરી શિસ્ત તથા તેને પહંચાવાના પુરવઠા માટે સામાન્ય રીતે તેને પહોંચાડવાના પુરવઠા માટે સામાન્ય રીતે તેને જવાબદાર ગણવામાં આવતો હતો. તેનાં કાર્યોને લીધે શાસન તંત્રમાં તેનું ઘણું મહત્ત્વ હતું. કેટલીક વાર તો સુલતાન જાતે પણ (ખાસ કરીને અલાઉદ્દીન ખિલજી) કેટલાંક કાર્યો પોતાના હસ્તક રાખી તેનાં કાર્યોમાં વ્યક્તિગત રસ લેતો. અરિઝ-ઈ-મુમાલિકે સુલતાનના આદેશ મુજબ કાર્ય કરવાનું હતું.

### 16.4.4 અન્ય વિભાગો

દીવાન-ઈ-ઈન્શા નામનો વિભાગ શાહી પત્રવ્યવહાર સંભાળતો, જેનો વડો દબીર-ઈ-મુમાલિક હતો. સુલતાનનો બીજાં રાજ્યો, પ્રાંતીય અધિકારીઓ અને ખંડિયાં રાજ્યો કે જાગીરદારો સાથેનો અગત્યનો તેમ જ ખાનગી પત્રવ્યવહાર આ ખાતા દ્વારા થતો. એ જ રીતે અગત્યનાં શાહી ફરમાનો અહીં ઘડવામાં આવતાં હતાં. આ ખાતાની કામગીરી ઘણી મહત્ત્વની રહેતી અને એટલે આ વિભાગનો વડો સુલતાનનો અત્યંત વિશ્વાસુ માણસ ગણાતો.

બરીદ-ઈ-મુમાલિક ટપાલ અને જાસૂસી વિભાગનો વડો હતો. તેણે સમગ્ર સલ્તનતમાં બનતી નાની-મોટી તમામ ઘટનાઓ પર નજર રાખવાની હતી. રાજ્યના પ્રત્યેક વહીવટી એકમો કે કેન્દ્રો પર 'બરીદ' નામના સ્થાનીય અધિકારીઓ રહેતા હતા, જે કેન્દ્રીય વિભાગને રોજ-બ-રોજની ઘટનાઓ અંગે અહેવાલ મોકલતા. બરીદ સિવાય એક અન્ય કર્મચારી વર્ગ, જેને 'મુનહિયાન' કહેવામાં આવતો, તે સૂચનાઓ મોકલવાનું કાર્ય કરતો હતો.

દીવાન-ઈ-રિસાલત વિભાગનો વડો સદર-ઉસ-સુદુર હતો. જે ડૉ. આઈ. એચ. કુરેશીના મતે રાજ્યની ધાર્મિક બાબતોનો પ્રધાન હતો. રાજ્યની મુસ્લિમ પ્રજા ધર્મના કાનૂન મુજબ વર્તે છે કે નહીં, તેનું તે ધ્યાન રાખતો. આ ઉપરાંત વિદ્વાનો, સંતો, ફકીરો, ઓલિયા, ઉલેમાઓ વગેરેને રાજ્ય તરફથી આપવામાં આવતાં વર્ષાસનો કે ઇનામો અંગે નિર્ણય લેવાનું, તેની વહેંચણી કરવાનું તથા તે પ્રર નિરીક્ષણ કરવાનું - આ બધાં તેનાં કાર્યો હતાં. જ્યારે ડૉ. હબિબુલ્લા માને છે કે દીવાન-ઈ-રિસાલત મુખ્યત્વે પરદેશોને લગતી બાબતોનું ધ્યાન રાખતો હતો.

ન્યાયતંત્રનો વડો સુલતાન ખુદ હતો. તે સર્વોચ્ચ અને અંતિમ ન્યાયાલય સમાન હતો. સુલતાન

પછી રાજ્યનો મુખ્ય ન્યાયાધીશ કાજી-ઉલ-મુમાલિક હતો. કેટલીક વાર સદર-ઉસ-સુદુરને જ મુખ્ય કાઝી તરીકે નીમવામાં આવતા. આમ એક જ વ્યક્તિના હાથ નીચે બે ખાતાંઓ રહેતાં. આ મુખ્ય કાઝી ન્યાયવ્યવસ્થાનો વડો હતો. તેના હાથ નીચે પ્રાંતોનાં મુખ્ય મુખ્ય શહેરોના કાઝી હતા. અધીનસ્થ ન્યાયાલયોના મુકદ્દમાઓની અપીલ મુખ્ય કાઝી સમક્ષ કરવામાં આવતી હતી. મુહતસિબ એટલે કે નાગરિક નિયંત્રણનો આ અધિકારી ન્યાય વિભાગની સહાયતા કરતો હતો.

### 16.4.5 ગુલામી પ્રથા અને શાહી કારખાના-પદ્ધતિ

દિલ્હી સલ્તનતકાળ દરમિયાન સુલતાન, ઉમરાવો, સરદારો, સેનાપતિ અને ખાનગી સદ્‌ગૃહસ્થો પાસે ગુલામ સ્ત્રી-પુરુષો રહેતા. ગુલામો રાખવા તે સલ્તનતકાળના મુસ્લિમ સમાજની એક 'ફેશન' ગણાતી હતી.

રાજમહેલની વ્યવસ્થામાં ગુલામોનું એક આગવું સ્થાન હતું. અલાઉદ્દીન ખિલજી પાસે 50,000 ગુલામો અને ફિરોઝ તઘલખ પાસે 1,80,000 ગુલામો હતા. ફિરોઝના શાસનકાળમાં ગુલામો અંગેનો દીવાન-ઈ-બંદગાન નામનો એક અલગ વિભાગ ખોલવામાં આવ્યો હતો. ગુલામો મુખ્યત્વે સુલતાનના અંગત સેવકો અને અંગરક્ષકો તરીકે કાર્ય કરતા. સમકાલીન ઇતિહાસકાર અરીફ નોંધે છે કે ફિરોઝ તઘલખના ગુલામો પૈકીના આશરે 1200 ગુલામો કારીગર તરીકે કાર્ય કરતા હતા. કેટલાક ગુલામો તો રાજકારણમાં મહત્ત્વનો ભાગ ભજવતા. હિંદુમાંથી મુસ્લિમ બનેલા ગુલામ મલિક કાફૂર તથા ખાને જહાન અનુક્રમે અલાઉદ્દીન ખિલજી તથા ફિરોઝ તઘલખના વજીર બન્યા હતા. ઝિયાઉદ્દીન બર્ની દિલ્હી નજીક ગુલામોના એક મોટા બજારનું વર્ણન કરે છે. પરંતુ 16મી સદીના પ્રારંભિક અઢી દાયકા દરમિયાન ગુલામોના બજારનું કોઈ વિવરણ મળતું નથી.

રાજપરિવાર અને શાહી માન-મરતબાની જરૂરિયાતો રાજ્યસંચાલિત કારખાનાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી. આ શાહી કારખાનાઓમાં સુલતાન માટે, જનાનખાના માટે તથા લશ્કર અને અન્ય ખાતાંઓની જરૂરિયાતો પૂરી પાડવા માટે ચીજ વસ્તુઓ તૈયાર કરવામાં આવતી હતી. કહેવાય છે કે મુહમ્મદ તઘલખે જરીકામ માટે 400 કારીગરો રાખ્યા હતા તથા લગભગ 4000 વણકરો રાજદરબાર અને સુલતાન દ્વારા ભેટ સોગાદના સ્વરૂપે આપવામાં આવતાં વસ્ત્રોની જરૂરિયાતો માટે કાપડ તૈયાર કરતા હતા. અહીં એક બાબત નોંધવી જોઈએ કે શાહી કારખાનાંઓ દ્વારા ઉત્પાદિત થતો માલ સામાન બજારમાં વેચવા માટે ન હતો. અમીર કે કુલીન વર્ગના લોકો પણ પોતાની જરૂરિયાતોના સંદર્ભે પોતાના અંગત કારખાનાઓ ઊભાં કરતા હતાં. આ કારખાનાંઓ બે પ્રકારનાં હતાં : (1) ઉત્પાદનસ્થળ અને (2) ગોદામ. ફિરોઝ તઘલખના શાસનકાળમાં 36 કારખાનાંઓ હતાં. પ્રત્યેક કારખાનાનો વડો એક અમીર રહેતો, જેનું પદ મલિક કે ખાન સમાન હતું. પ્રત્યેક કારખાનાની સાર-સંભાળ, નિયંત્રણ અને તેનો હિસાબ કિતાબ રાખવા માટે તુતસર્રિફ નામનો એક મુખ્ય અધિકારી રહેતો હતો.

શાહી કારખાના વિભાગના હિસાબ વગેરેના નિરીક્ષણ માટે એક અલગ દીવાન અથવા હિસાબ વિભાગ પણ હતો.

### 'તમારી પ્રગતિ ચકાસો'-બ

1. દિલ્હી સલ્તનતના સ્વરૂપનું વિશ્લેષણ કરો.

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

2. દીવાન-ઈ-વિઝારતનાં મુખ્ય કાર્યોનું વિવરણ કરો.

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

3. 'શાહી કારખાનાં' પર એક ટૂંકી નોંધ લખો.

   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................
   ..........................................................................................

4. નીચેના પ્રશ્નમાં સાચા જવાબ પર ✓ નું નિશાન કરો.

   ખુતબા :

   (ક) સિક્કા પાડવાનો હક હતો.

   (ખ) સન્માનસૂચક પોશાક.

(ગ) શુક્રવારની સામૂહિક નમાજ પછી વાંચવામાં આવતો ધર્મ-ઉપદેશ

5. નીચેના અધિકારીઓનાં કયાં કાર્યો હતાં ?
   (ક) મુશરિફ-ઈ-મુમાલિક
   (ખ) આરિજ-ઈ-મુમાલિક
   (ગ) બરીદ
   (ઘ) કાઝી-ઉલ-મુમાલિક


## 16.5 મહેસૂલી વ્યવસ્થા

13મી સદીમાં જમીન મહેસૂલ વ્યવસ્થા કેવા પ્રકારની હતી તે અંગે કોઈ સ્પષ્ટ વિગતો મળતી નથી. જમીન મહેસૂલના દર અંગે પણ આધારભૂત માહિતી મળતી નથી. કદાચ જૂની ખેતવ્યવસ્થા અને જમીન મહેસૂલ ચાલુ રહ્યાં હશે. ફેરફાર માત્ર એટલો થયો કે કેન્દ્રીય કક્ષાએ જમીનની આવક પર અધિકાર મેળવનાર વર્ગ બદલાઈ ગયો. જૂના શાસક વર્ગને સ્થાને હવે તુર્કી શાસકો જમીનની આવક મેળવવા લાગ્યા.

જમીન મહેસૂલને રાજ્યની આવકનું મુખ્ય સાધન ગણી શકાય; પરંતુ રાજ્યની મહેસૂલી નીતિ તથા મહેસૂલી ખાતાનો સંતોષકારક કે બિનસંતોષકારક વહીવટનો મુખ્ય આધાર વ્યક્તિગત સુલતાન પર રહેતો. દા.ત., ઇલ્તુત્મિશના સમયમાં મહેસૂલી વ્યવસ્થામાં કોઈ ખાસ નોંધપાત્ર ફેરફાર થયા ન હતા અને બલ્બને તેમાં બહુ ઓછા ફેરફારો કરવાનો પ્રયત્ન કર્યો હતો, ત્યારે અલાઉદ્દીન ખિલજીએ અનેક ફેરફારો કરીને મહેસૂલી તંત્રને કાર્યક્ષમ બનાવવાનો પ્રયત્ન કર્યો હતો. અહીં એક વાત એ પણ નોંધવી જોઈએ કે અલાઉદ્દીનના મહેસૂલી સુધારા પાછળ રાજ્યની આવક વધારવાના હેતુ ઉપરાંત જમીનદારો અને (ખાસ કરીને હિંદુ) પ્રજાજનો પાસેથી બને તેટલું વધારે ધન ખેંચી લઈ તેમની બળવાખોર વૃત્તિને ડામવાનો પણ એક આશય હતો અને એટલા માટે જ તેણે રાજ્યની મહેસૂલી માગણી 50 % સુધીની વધારી દીધી હતી. અલાઉદ્દીન ખિલજી પછી તેના નબળા અનુગામીઓના સમયમાં મહેસૂલી તંત્રની કડકાઈ ઓછી થઈ હશે, પરંતુ રાજ્યની આ વધારેલી માંગણી ઓછી કરવાનો કોઈએ પ્રયત્ન કર્યો હોય તેમ લાગતું નથી. અલબત્ત ગ્યાસુદ્દીન તઘલખે કુદરતી આફતના કારણે, પાકને નુકસાન થયું હોય તો રાજ્યની માગણી ઓછી કરવાની ઉદારતા બતાવેલી. પરંતુ આ સિવાય મહેસૂલી વ્યવસ્થાના સામાન્ય માળખામાં તેણે કોઈ ફેરફાર કરેલો નહીં.

સુલતાન મુહમ્મદ તઘલખે મહેસૂલી તંત્રમાં વ્યવસ્થા આણવાનો તથા અમુક નવા ‘પ્રયોગો’ કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ દુર્ભાગ્યે તેમાં તેને બહુ સફળતા મળી નહીં. ઊલટું દુષ્કાળની પરિસ્થિતિ હોવા છતાં તેણે દોઆબમાં જે કરવધારો કર્યો તેને કારણે લોકોને તેનું શાસન વધારે અપ્રિય થઈ પડ્યું. ખેડૂતોનું હિત જરૂર તેને હૈયે હતું અને તેમને તેણે કૂવા ગાળવા, બિયારણ ખરીદવા, ‘લોન’ પણ આપી હતી, પરંતુ તેનાથી કોઈ અર્થ સર્યો ન હતો અને પ્રજાની આર્થિક હાલતમાં આનાથી કોઈ નોંધપાત્ર ફેર પડ્યો ન હતો. તેનાથી વિરુદ્ધ તેના અનુગામી ફિરોઝ તઘલખના રાજ્યારોહણથી દિલ્હી સલ્તનતની ખેતીવિષયક નીતિનો નવો યુગ શરૂ થયો ગણાય છે. ફિરોઝ તઘલખના સમયમાં રાજ્ય તરફથી જમીનની વ્યવસ્થિત મોજણી કરવામાં આવી, મહેસૂલી અધિકારીઓના આપખુદ વર્તન પર અંકુશ મૂકવામાં આવ્યો, કેટલાક અળખામણા કરવેરાઓ નાબૂદ કરવામાં આવ્યા અને વધુમાં નહેરો અને કૂવાઓ જેવી સિંચાઈ યોજનાઓ દ્વારા અને બગીચાઓ દ્વારા અનેક પ્રકારના ફળનું ઉત્પાદન વધારી, સમગ્ર રીતે ખેતીને ઉત્તેજન આપવામાં આવ્યું. આ બધાને કારણે રાજ્યની આવકમાં પણ વધારો થયો અને રૈયતની સમૃદ્ધિમાં પણ વધારો થયો. ફિરોઝ તઘલખના નબળા અનુગામીઓના સમયમાં એમાંય તૈમૂરના આક્રમણ પછી ફેલાયેલ અંધાધૂંધીના સમયમાં પણ, વહીવટી તંત્રની કાર્યક્ષમતા ઘણી ઘટી ગઈ, છતાં સામાન્ય રીતે ફિરોઝની નીતિ સૈયદ અને લોદી વંશના સુલતાનોએ પણ ચાલુ રાખી હતી. અલબત્ત, લોદી સુલતાન સિકંદરે જમીનની વ્યવસ્થિત માપણી કરાવી હતી; પરંતુ તે સિવાય તેણે મહેસૂલી નીતિ કે વ્યવસ્થામાં અન્ય કોઈ મોટા ફેરફારો કર્યા ન હતા.

સલ્તનતના સમયમાં સામાન્ય રીતે રાજ્ય તરફથી જમીન મહેસૂલની માગણી કેટલી હતી, તે અંગે વિદ્વાનોમાં મતભેદ છે. એક મત એવો છે કે રાજ્ય $\frac{1}{5}$ મહેસૂલની માગણી કરતું. મુસ્લિમ નૈયાયિકો મુસલમાન પાસેથી તેઓ જે જમીનમાં ખેતી કરતા હોય અને કુદરતી સાધનોથી પાણી મેળવતા હોય તો તેમની પાસેથી 10 % મહેસૂલ તથા કૃત્રિમ સાધનો દ્વારા તેઓ પાણી પ્રાપ્ત કરતા હોય તો તેમની પાસેથી 5% મહેસૂલ લેવાની ભલામણ કરતા.


અલાઉદ્દીન ખિલજીનું સામ્રાજ્ય
Boundary of Khalji Empire
Boundary of area of rigorous revenue-collection
Boundary of area largely under Khalisa
Indus R.
Jhelum R.
Chenab R.
Ravi R.
Beas R.
Satluj R.
Lahore
DEPALPUR
Multan
SAMANA
DELHI
Baran
Kabar
KATEHR
BUDAUN
MIYAN-I-DOAB
SIWALIK
Nagaur
Yamuna R.
Ganga R.
Chambal R.
CHHAIN
CHITTOR
MAHARWALA
PATAN
AWADH
Ghaghar R.
KARA
Son R.

FAIZ HABIB

હિન્દુઓ પાસેથી ખેડાણ જમીન પર લેવાતા કરને 'ખરાજ' કહેવામાં આવતો. કોઈ મુસ્લિમ હિન્દુની જમીન ખેડતો હોય તો તેની પાસેથી પણ આ કર વસૂલ કરવામાં આવતો. જેથી કોઈ બિન-મુસ્લિમ કોઈ મુસ્લિમને પોતાની જમીન ખેડવા આપીને આ કરમાંથી છટકી શકે નહીં. સમગ્ર ખેતઉત્પાદનનો $\frac{1}{2}$ અથવા $\frac{1}{3}$ ભાગ કર તરીકે લેવામાં આવતો. અલાઉદ્દીન ખિલજી અને મુહમ્મદ તઘલખના સમયમાં બહુધા તે $\frac{1}{2}$ હતો. જ્યારે બાકીના સુલતાનોના સમયમાં તે $\frac{1}{3}$ હતો. જમીન મહેસૂલ રોકડ તથા માલ સ્વરૂપે લેવામાં આવતું. જમીનદારોના મધ્યસ્થી સાથે તે ખેડૂતો પાસેથી વસૂલ કરવામાં આવતું. મુકાદમ, ચૌધરી તથા ખોત જેવા અર્ધસરકારી હિન્દુ કર્મચારીઓ જમીન મહેસૂલ કે 'ખરાજ' વસૂલ કરતા. જે દીવાન-ઈ-વિઝારતના અધિકારીઓ સમક્ષ જમા કરાવતા હતા. તેમને રાજ્ય તરફથી નિયમિત પગાર અપાતા નહીં. પરંતુ તેમણે વસૂલ કરેલ જમીન મહેસૂલના અમુક ટકા તેમને અપાતા. તેને 'હક્ક-ઈ-ખોતી' અથવા ખોતીનો અધિકાર કહેવાતો. આ મહેનતાણું તેમને રોકડમાં મળતું નહીં, બલકે કરમુક્ત જમીનના સ્વરૂપે અર્થાત્ જમીનના એક ભાગનું મહેસૂલ તે પોતે પોતાની પાસે રાખી શકતો. આ સિવાય તે ખેડૂતો પાસેથી પણ તેની ઊપજનો કેટલોક ભાગ અલગ રીતે લેતા, જેને 'કિસ્મત-ઈ-ખોતી' કહેવામાં આવતો. જમીન મહેસૂલ સિવાય પ્રત્યેક ખેડૂતને ઘરવેરો (ઘરી) અને પશુ કે ચરાગાહ વેરો (ચરાઈ) પણ આપવો પડતો.

**'તમારી પ્રગતિ ચકાસો' - ક**

1. સલ્તનત સમયની જમીન મહેસૂલ પદ્ધતિ અંગે નોંધ લખો :

   ..............................................................................................................
   ..............................................................................................................
   ..............................................................................................................
   ..............................................................................................................

2. નીચેના શબ્દોની વ્યાખ્યા આપો :

   (1) ખરાજ.................................................................................................
   ..........................................................................................................

   (2) હક્ક-ઈ-ખોતી.......................................................................................
   ..........................................................................................................

   (3) કિસ્મત-ઈ-ખોતી...................................................................................
   ..........................................................................................................

   (4) ચરગાહ..............................................................................................
   ..........................................................................................................

## 16.6 ઈકતા વ્યવસ્થા અને પ્રાંતીય વહીવટ

13મી અને 14મી સદી દરમિયાન સલ્તનતનો સીમા વિસ્તાર અને દૃઢીકરણની પ્રક્રિયા ચાલુ રહી. જિતાયેલા પ્રદેશોમાં નિયંત્રણ રાખવા માટે વિભિન્ન નીતિ અખત્યાર કરવામાં આવી. કેટલાક વિસ્તારો સીધા જ નિયંત્રણ તળે રાખવામાં આવ્યા. હિંદુ ખંડિયા રાજાઓ-સરદારોના પ્રદેશો જે ભેટ સોગાદ અને નજરાણાં મોકલતા તેવા વિસ્તારોને અર્ધસ્વાતંત્ર્યની સ્થિતિમાં રાખવામાં આવ્યા. જ્યારે સલ્તનતના વિસ્તાર અને કેન્દ્રથી દૂર આવેલા વિસ્તારો કે જ્યાં સીધો વહીવટ કરવાનું કાર્ય મુશ્કેલ હતું ત્યાં જુદા જ પ્રકારની નિયંત્રણ-વ્યવસ્થા ગોઠવવામાં આવી.

### 16.6.1 ઈક્તા વ્યવસ્થા

13મી સદીના પ્રારંભિક તુર્કી વિજયોએ હિંદના અનેક નાનામોટા રાજવીઓનો પરાભવ કરી દિલ્હી સલ્તનતની સ્થાપનાનો માર્ગ મોકળો કર્યો. તુર્કી શાસકોએ અધિકાર તળેના પ્રદેશોને 'સૈનિક વિસ્તાર'માં વિભાજિત કરી પ્રત્યેક ઉપર જુદા જુદા અમીરને સૈનિક અધિકારી તરીકે નિયુક્ત કર્યા. આવા પ્રત્યેક વિસ્તારને 'ઈકતા' અને તેના અધિકારીને 'મુક્તી' કે 'વલી' કહેવામાં આવતા. આમ તુર્કી સુલતાનોએ નવપ્રસ્થાપિત સલ્તનતને મજબૂત કરવા માટે તેના અમીરોને રોકડ રકમ આપવાને બદલે જમીન મહેસૂલના અધિકારનો આશરો લીધો. તેને 'જમીન અનુદાન પદ્ધતિ' કે 'ઈક્તા' તરીકે ઓળખવામાં આવે છે. આ લોકો પોતાના 'ઈક્તા'માંથી જમીન મહેસૂલ વસૂલ કરીને પોતાના સૈનિકોને પગાર આપતા અને પોતે પોતાના નિભાવ માટે એક ચોક્કસ રકમ લઈ લેતા. આ ઈકતામાંથી ઉઘરાવેલ બાકી રહેતું વધારાનું જમીન મહેસૂલ કેન્દ્રીય સરકારને મોકલી આપતા. આમ રાજ્યની સેવા કરવાના ઇનામ સ્વરૂપે 'ઈક્તા' આપવામાં આવતો.

આ 'ઈક્તા' શબ્દ અરબી ભાષાનો છે. પ્રારંભિક ઇસ્લામી રાજ્યોમાં આ વ્યવસ્થા સ્વીકારવામાં

આવી હતી. 'ખિલાફટ વહીવટ' દરમિયાન આ વ્યવસ્થા નાણાકીય વ્યવસ્થા કરવા અને બિન લશ્કરી અને લશ્કરી અધિકારીઓને વેતન આપવા માટે પ્રચલિત હતી. 'ઈક્તા'નો અર્થ જમીન પર અધિકાર આપવો એવો થતો ન હતો. તેમ જ જમીનનું આ અનુદાન વંશપરંપરાગત પણ ન હતું. પરંતુ ફિરોઝ તઘલખના શાસનકાળમાં ઈકતા ધારકોએ વંશાનુગત અધિકાર મેળવી લીધો હતો. ડૉ. કાલિકિંકર દત્ત તેમને ''મધ્યયુગી યુરોપના સામંતશાહી ઉમરાવો'' સાથે સરખાવે છે. પરંતુ આપણે એ નોંધવું જોઈએ કે યુરોપની આ જાગીરદારી પ્રથા સ્થળાંતરને પાત્ર ન હતી તેમ જ તે વંશપરંપરાગત હતી. જ્યારે ભારતમાં આ જમીન મહેસૂલ અનુદાન સ્થળાંતરને પાત્ર હતું. ઈક્તાધારકોને ત્રણ કે ચાર વર્ષના અંતરે એક સ્થાનેથી બીજા સ્થાને ફેરવવામાં પણ આવતા હતા.

એક સમગ્ર પ્રાંત કે તેનો એક નાનકડો હિસ્સો 'ઈકતા' તરીકે આપવામાં આવતો. અમીરો કે કુલીનોને આપવામાં આવેલા જમીન મહેસૂલ અનુદાન (ઈકતા)માં તેના ધારકોએ જમીન મહેસૂલની વસૂલાત ઉપરાંત સૈનિક અને કાયદો-વ્યવસ્થાની જાળવણી માટેની જવાબદારી પણ વહન કરવાની હતી. આ રીતે જેને 'ઈક્તા' આપવામાં આવતો હતો તે 'મુક્તી' કે 'વલી' પ્રાંતીય વહીવટનો વડો હતો. તેને પાયદળ અને ઘોડેસવાર સાથેનું લશ્કર રાખવાનું હતું.

## 16.6.2 પ્રાંતીય અને સ્થાનિક વહીવટ

સુલતાનો સામ્રાજ્યને વહીવટી સરળતા માટે પ્રાંતોમાં વહેંચી નાખતા હતા, છતાંય સલ્તનતના ઇતિહાસના કોઈ પણ તબક્કે એકસરખી વહીવટી પદ્ધતિવાળા પ્રાંતો તો કોઈ દિવસ હતા નહીં. દરેક વખતે તત્કાલીન જરૂરિયાત મુજબ પ્રાંતોની રચના થતી અને તેના પર સૂબાઓની નિમણૂક થતી. આ નિમણૂક ખુદ સુલતાન યોગ્યતા તેમ જ અનુભવ અને લશ્કરી સેવાને આધારે કરતો. મોટે ભાગે શક્તિશાળી અમીર, સેનાનાયક કે રાજકુટુંબની કોઈ વ્યક્તિને આ પદ પર નિમણૂક આપવામાં આવતી. મોટા પ્રાંતોને 'અકલીમ' અને નાના પ્રાંતોને 'ઈકત' કહેવામાં આવતા. દિલ્હી સલ્તનતનો જેમ જેમ વિસ્તાર વધતો ગયો અને તે વ્યવસ્થિત થતી ગઈ તેમ તેમ તેના કેન્દ્રીકરણ માટેના પ્રયાસો થવા લાગ્યા. પ્રાંતીય વહીવટમાં પરિવર્તન આવ્યું. હવે નાણાં અને લશ્કરી જવાબદારીઓને અલગ પાડતી પ્રક્રિયાનો પ્રારંભ થયો. મુહમ્મદ તઘલખના સમયમાં 'મુક્તી' કે 'વલી'ના હાથમાંથી કેટલાંક નાણાં કે જમીન મહેસૂલ અંગેના અધિકારો લઈ તે કેન્દ્રીય અધિકારીને આપવામાં આવ્યા. ઈ બતુતા નોંધે છે કે અમરોહાનો 'ઈકતા' બે અધિકારીઓ તળે હતો. એક, સેના અને વહીવટનો વડો અમીર તરીકે અને બીજો જમીન મહેસૂલ વસૂલ કરનાર વડો વલી-ઉલ-ખરાજ હતો. મુહમ્મદ તઘલખનો એવો પણ આદેશ હતો કે આ અધિકારીઓ દ્વારા કોઈ છળ-કપટ ન થાય તે માટે સૈનિકોને દીવાન-ઈ-વિઝારતમાંથી વેતન ચૂકવવામાં આવે.

નાણાં સંબંધી બાબતોમાં રાજ્યનું નિયંત્રણ દૃઢ હતું. કેન્દ્રમાં દીવાનના કાર્યાલય ખાતે પ્રાંતોની આવક-જાવકનો હિસાબ મોકલવાની વ્યવસ્થા ગોઠવવામાં આવી. તેની ઝીણવટપૂર્વક તપાસ થતી હતી. દીવાનનું કાર્યાલય પ્રાંતોમાં નિયુક્ત થયેલ અધિકારીઓનાં કાર્યોની દેખરેખ તેમ જ નિરીક્ષણ પણ કરતું હતું.

પ્રાંતોમાં સાહિબ-ઈ-દીવાન નામના અધિકારીની પણ નિમણૂક કરવામાં આવતી. તેની સહાયતા માટે મુતસર્રિફ નિયુક્ત કરવામાં આવ્યા. જમીન મહેસૂલ વિભાગ હેઠળના તમામ કર્મચારીઓને કારકુન કહેવામાં આવતા. 13મી સદીમાં, ગુલામવંશના સમયમાં, તો પ્રાંતોના વધુ વહીવટી વિભાગો પાડવાની આવશ્યકતા ન હતી; પરંતુ સલ્તનતનો પ્રાદેશિક વિસ્તાર વધતાં આ જરૂરિયાત ઊભી થઈ. 13મી સદીના અંતમાં સમકાલીન સાધનોમાં એક અન્ય વહીવટી એકમ 'શિક'નું વર્ણન પણ મળે છે. પ્રાંતથી નાનું એકમ 'શિક' કહેવાતું, જેને હાલના જિલ્લા સાથે સરખાવી શકાય. 'શિક'નો વડો 'શિકદાર' કે 'ફોજદાર' હતો; ઘણે ભાગે લશ્કરી અમલદારને જ શિકદાર બનાવવામાં આવતા અને તેમનું મુખ્ય કાર્ય પોતાના પ્રદેશમાં શાંતિ અને વ્યવસ્થા જાળવવાનું હતું. 'શિક'થી નાનું એકમ 'પરગણું' કહેવાતું. તે હાલના તાલુકા બરાબર કહી શકાય. ઈબ્ન બતુતા નોંધે છે તેમ ''ચૌધરી'' એક સો ગામડાંનો વડો હતો. ઈબ્ન બતુતા સો ગામડાંને આવરી લેતા પ્રદેશને 'સદી' કહે છે. દા.ત. હિંદપતની સદી. સમય જતાં ચૌધરી આ 'પરગણાં' નામના વહીવટી એકમનું કેન્દ્રબિંદુ બન્યો.

વહીવટી તંત્રનું નાનામાં નાનું એકમ 'ગામડું' હતું. પ્રાચીન ભારતની આ વ્યવસ્થાને સલ્તનત સમયમાં પણ લગભગ યથાવત્ ચાલુ રાખવામાં આવી હતી, પરિણામે ગામડાંનો વહીવટ મોટે ભાગે સ્વાશ્રયી અને સ્વતંત્ર હતો. કેન્દ્રમાં અવારનવાર થતાં વંશ અને ગાદી પરિવર્તનની ગામડાં પર ભાગ્યે જ અસર પડતી. અહીં પુરાણા સમયથી ચાલી આવતી 'ગ્રામપંચાયત' હતી. અલબત્ત સરકારે નીમેલા ખોત, ચોકીદાર તથા પટવારી જેવા કર્મચારીઓ તો ગામડાંમાં હતા જ, પરંતુ તેમની અને પંચાયત વચ્ચે પૂરતા સહકારનું વાતાવરણ રહેતું.

પ્રાંતો તથા અન્ય વહીવટી વિભાગોમાં ન્યાયવ્યવસ્થાનું સ્વરૂપ કેન્દ્રીય માળખા મુજબનું હતું.

પ્રાંતોમાં કાઝી અને સદ્રનાં ન્યાયાલયો હતાં. કોટવાળનું કાર્ય કાયદો અને વ્યવસ્થા જાળવવાનું હતું. ગ્રામ સ્તરે દીવાની અને મિલકત અંગેના મામલાઓનો નિકાલ ગ્રામ પંચાયત કરતી હતી.

**'તમારી પ્રગતિ ચકાસો' - ૩**

1. ઈક્તા પર એક નોંધ લખો.

.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................

2. મુક્તી કે વલીનાં કયાં કયાં કાર્યો હતાં ?

.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................

3. 14મી સદીમાં 'મુક્તી'ના અધિકારો પંર નિયંત્રણ રાખવા માટે કયાં પગલાં ભરવામાં આવ્યાં ?

.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................
.......................................................................................................

4. નીચેના શબ્દોની વ્યાખ્યા આપો :
   (ક) શિક.........................................................................................
   (ખ) કોટવાળ...................................................................................
   (ગ) પટવારી...................................................................................

## 16.7 સારાંશ

આ એકમમાં આપણે જોયું કે દિલ્હી સલ્તનતનું સ્વરૂપ ઐતિહાસિક રૂપમાં વિસ્તૃત ઇસ્લામી વિશ્વ કે વ્યવસ્થાના એક ભાગમાંથી કંડારાયું; સાથે જ 13મી સદીમાં પોતાની જરૂરિયાતો અને પરિસ્થિતિઓના સંદર્ભે તે સ્વરૂપ કેવી રીતે બદલાયું. તમે સલ્તનતમાં કેન્દ્રીય, પ્રાંતીય અને સ્થાનિક વહીવટી વ્યવસ્થાનો પણ અભ્યાસ કર્યો. સંરક્ષણ તેમ જ રાજ્ય વિસ્તારના હેતુ માટે એક વિશાળ લશ્કર રાખવાની જરૂરિયાત તથા વહીવટી તંત્રને જાળવી રાખવાની આવશ્યકતાઓએ સલ્તનતની કેટલીક સંસ્થાઓને એક નિશ્ચિત રૂપ આપ્યું. ઈક્તા આમાંની એક મહત્ત્વપૂર્ણ સંસ્થા હતી. વધુ પડતાં કેન્દ્રીકરણની નીતિથી વહીવટી નિયંત્રણના સ્વરૂપમાં કેટલાંક પરિવર્તનો આવ્યાં.

## 16.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**અબવાબ** : કરવેરા, **અમિર** : અમલદાર, **બહિ** : ખાતાવહી, **બલાહાર** : સામાન્ય ખેડૂત, **બીસ્વા** : વીઘાનો 1/20 ભાગ, **ચરાઈ** : પશુ ચારવા બદલ આપવાનો કર, **ચૌધરી** : સો ગામ કે પરગણાનો વડો, **દાગ** : ઘોડાને ડામ આપી કરાતું નિશાન, **દીવાન-એ-વિઝારત** : નાણાં ખાતું, **ફ્વાઝીલ** : વધારાનું ભંડોળ, **ઘરિ** : ઘરવેરો, **હસ્મ-એ-કલ્બ** : શાહી અશ્વસેના, **હાસિલ** : વાસ્તવિક (ઉઘરાવેલ) મહેસૂલ, **ઈદ્રાર** : મહેસૂલમુક્ત જમીન-અનુદાન, **ઈતલક** : ડ્રાફ્ટ - હૂંડી, **જામા** :.આકારણી કરેલ મહેસૂલ, **ખાલિસા** : સુલતાનના ખજાના માટે અનામત રખાતા મહેસૂલવાળી તાજની જમીન, **ખોત** : મહેસૂલ એકત્રિત કરનાર ગ્રામ અમલદાર, **મસાહત** : માપ, **ખૂત્બા** : મસ્જિદમાં શુક્રવારની નમાજ વખતે, શાસકના નામ સાથે મોટેથી વંચાતો ધર્મોપદેશ, **મુહાઝીલાન** : મહેસૂલ એકઠું કરનાર, **મુકાદમ** : ગામનો વડો (સરપંચ-પોલીસ પટેલ), **મુક્તી ઔર વાલી** : એકતા ધરાવનાર - ગવર્નર, **મુશરીફ** : મહેસૂલી અધિકારી, **મુત્તાસરિફ** : ઑડિટર, **નવશીનદગાન** : ક્લાર્ક, **નિરખ-એ-ફ્રમાની** : કાયદેસરના હુકમનામાવાળી કિંમત, **પટવારી** : ગ્રામ હિસાબનીશ, **કિસ્મત-એ-ખોટી અને હક્ક-એ-ખોટી** : પગાર ઉપરાંતની રકમ, ગ્રૅચ્યુઇટી, **રાય અને રાણા** : નાયક, આગેવાન, **શરિઅત** : ઇસ્લામી કાનૂન, **ટંકા** : ચાંદીનો સિક્કો, **ઉમ્મલ** : મહેસૂલી અધિકારી, **વફા-એ-ફ્રમાની** : હુકમનામાની કાયદેસરની પેદાશ, **વકફ** : ધાર્મિક સ્થળોના નિભાવખર્ચ માટે આપવામાં આવતું અનુદાન, **વજીફા** —: નિયત વેતન - (સ્ટાઇપેન્ડ), **જવાબિત** : કાનૂન, ધારો

## 16.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબ

**'તમારી પ્રગતિ ચકાસો'ના - અ**

1. ભાગ 16.2 જુઓ.
2. ભાગ 16.2 જુઓ.
3. ભાગ 16.2 જુઓ.
4. ભાગ 16.2 જુઓ.

**'તમારી પ્રગતિ ચકાસો'ના - બ**

1. ભાગ 16.3 જુઓ.
2. પેટા ભાગ 16.4.2 જુઓ.
3. પેટા ભાગ 16.4.5 જુઓ.
4. ક, - ખોટું, ખ, - ખોટું, ગ, - ખરું
5. પેટા ભાગ, 16.4.2, 16.4.3 અને 16.4.4 જુઓ.

**'તમારી પ્રગતિ ચકાસો'ના - ક**

1. ભાગ 16.5 જુઓ.
2. ભાગ 16.5 જુઓ.

**'તમારી પ્રગતિ ચકાસો'ના - ડ**

1. પેટા ભાગ 16.6.1 જુઓ.
2. પેટા ભાગ 16.6.1 જુઓ.
3. પેટા ભાગ 16.6.2 જુઓ.
4. પેટા ભાગ 16.6.2 જુઓ.

# એકમ 17 સલ્તનત સમયના શાસક વર્ગનું સંગઠન (Formation of the Sultanate Ruling Class)

**રૂપરેખા**


17.0 હેતુઓ
17.1 પ્રાસ્તાવિક
17.2 મુહમ્મદ ઘોરીના આક્રમણ સમયનો શાસક વર્ગ
17.3 શાસક વર્ગની રચના
17.3.1 ઇલ્બરી (ગુલામ વંશ)
17.3.2 ખિલજી
17.3.3 તઘલખ
17.4 ઈક્તા અને શાસક વર્ગમાં સાધનસંપત્તિનું વિતરણ
17.5 ઉલેમા
17.6 સારાંશ
17.7 ચાવીરૂપ શબ્દો
17.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો


## 17.0 હેતુઓ

એકમ 16માં તમે દિલ્હી સલ્તનતની શાસનવ્યવસ્થાનો અભ્યાસ કરી ગયાં. આ એકમમાં સલ્તનત સમયના શાસક વર્ગનું વિશ્લેષણ કરીશું. આ એકમમાં તમે નીચેની બાબતો અંગે જાણકારી મેળવશો :

- રાજ્ય દ્વારા વધારાના અધિકાર મેળવવામાં શાસક વર્ગની ભૂમિકા.
- શાસક વર્ગનું સંગઠન.
- શાસક વર્ગમાં પરિવર્તન; અને
- શાસક વર્ગને એકતાના બંધનમાં રાખતાં સ્વાર્થી હિતો.

## 17.1 પ્રાસ્તાવિક

દિલ્હી સલ્તનતની સ્થાપનાના પ્રારંભિક તબક્કે તેમ જ આગળ જતાં તેની સૌથી ગંભીર સમસ્યા જિતાયેલા પ્રદેશોને સંગઠિત કરવા અંગેની હતી. આ ઉદ્દેશની પરિપૂર્તિ અર્થે શાસકવર્ગે એક ધરીના રૂપમાં કાર્ય કર્યું. રાજ્યની સાધનસંપત્તિ ઉપર આ વર્ગ સંયુક્ત રીતે આધિપત્ય ધરાવતો હતો. તુર્ક લોકો પોતાની સાથે 'ઈક્તા' નામની વ્યવસ્થા લાવ્યા હતા. તેણે કેટલેક અંશે કેન્દ્રીકરણમાં સહાયક ભૂમિકા નિભાવી. જ્યારે કેન્દ્રીકરણનો વધુ પ્રયાસ કરવામાં આવ્યો ત્યારે ઈક્તા વ્યવસ્થા અને શાસક વર્ગના સંયોજન અને સંગઠનમાં કેટલાંય મહત્ત્વપૂર્ણ પરિવર્તનો આવ્યાં.

## 17.2 મુહમ્મદ ઘોરીના આક્રમણ સમયનો શાસક વર્ગ

મુહમ્મદ ઘોરીના આક્રમણ સમયે ઉત્તર ભારત નાનાં-નાનાં અનેક રાજ્યોમાં વિભાજિત હતું. આ રાજ્યો પર હિંદુ રાજાઓ અને સરદારો (રાય અને રાણા) શાસન કરતા હતા. ગામડાંઓમાં ખોત, ચોકીદાર અને પટવારી ગ્રામ્ય ભદ્ર (કુલીન) વર્ગ હતો. આ બંનેની વચ્ચે ચૌધરીનું સ્થાન હતું જે 100 ગામડાંઓનો પ્રમુખ હતો.

ઘોરીના આક્રમણ પૂર્વેના હિંદુ શાસક વર્ગને ખેડૂતોની જરૂરિયાત કરતાં વધારાના ઉત્પાદન પર અધિકાર મેળવનાર વર્ગના રૂપમાં ઓળખાવી શકાય. આ માટે તે જમીન ઉપર પોતાના ઉચ્ચ અધિકારોનો હક રજૂ કરતો હતો. સલ્તનત સમયના શાસક વર્ગનાં સંગઠનનું વિશ્લેષણ કરવામાં તેની સાથે જોડાયેલા અનેક પ્રશ્નો સામે આવે છે. જેમ કે; જૂના શાસક વર્ગને દૂર કરીને નવા શાસક વર્ગે કેવી રીતે તેનું સ્થાન લીધું ? આ નવા શાસકવર્ગે રાજ્યની સાધનસંપત્તિ પર અધિકાર મેળવવા કેવી નીતિ-રીતિઓ અપનાવી ? આ નવો વર્ગ દૂર કરાયેલા જૂના શાસક વર્ગથી કઈ રીતે જુદો પડતો હતો ?

## 17.3 શાસક વર્ગની રચના

13મી સદી દરમિયાન તુર્ક લશ્કરી તાકાતે ઉત્તર ભારત પર નિયંત્રણ સ્થાપિત કરી દીધું. 14મી સદીના મધ્ય ભાગ સુધીમાં તેનો વિસ્તાર દક્ષિણમાં પણ થઈ ગયો. હવે તો પ્રતિકૂળ સંજોગો

વચ્ચે એક વિશાળ પ્રાદેશિક વિસ્તારને શાંત રાખી; કાયદો અને વ્યવસ્થા સ્થાપીને રાજ્ય કરવાનું હતું. જેને માટે એક શાસક વર્ગ ઊભો કરી, તેને સાથે રાખવો જરૂરી હતો. પ્રારંભિક તુર્ક શાસક વર્ગનું રાજકીય અને નાણાકીય સત્તા પરના અધિકારનું સ્વરૂપ સુલતાન સાથે વહીવટી ભાગીદારી જેવું હતું. પ્રારંભિક તબક્કે દૂર સુધી પથરાયેલા નવા જિતાયેલા પ્રાંતોની વ્યવસ્થા કરવા માટે મોકલવામાં આવેલ અમીર લગભગ સંપૂર્ણ સ્વતંત્ર હતા. આ અમીર આ પ્રદેશોમાં, ગર્વનર તરીકે કાર્ય કરતા. જે 'મુક્તી' કે 'વલી' તરીકે ઓળખાતા. તેને આધીન પ્રદેશને 'ઈક્તા' કહેવામાં આવતા. સમય જતાં મુક્તિઓને એક ઈક્તામાંથી બીજા ઈક્તામાં ફેરબદલી કરવાની પ્રથાનો પ્રારંભ થયો. સંભવતઃ, મુહમ્મદ ઘોરીના આક્રમણ પૂર્વેની રાજકીય વ્યવસ્થા મહદ્અંશે ચાલુ રાખવામાં આવી. આ વ્યવસ્થા મુજબ હિંદુ રાજાઓ અને સરદારો પાસેથી ખંડણી લેવામાં આવતી અને એવી અપેક્ષા રાખવામાં આવતી કે તેઓ પહેલાંની માફક જ આ પ્રદેશોમાંથી કર ઉઘરાવવાનું ચાલુ રાખે.

સમકાલીન ઇતિહાસકાર મિન્હાજ-ઉસ-સિરાજ અને ઝિયાઉદ્દીન બર્ની નોંધે છે તેમ, સલ્તનતની સ્થાપનાનાં પ્રારંભિક વર્ષોમાં મોટા ભાગના તુર્ક અમીરો અને સુલતાનોએ પોતાના સૈનિકો અને રાજકીય જીવનનો પ્રારંભ એક 'ગુલામ' તરીકે કર્યો હતો. પરંતુ સુલતાન બનતાં પહેલાં જ તેઓએ, ગુલામીમાંથી મુક્ત કરતો 'મુક્તિપત્ર' મેળવી લીધો હતો. આવો જ એક સુલતાન કુતુબુદ્દીન ઐબક હતો. ઈ.સ. 1210માં તેના મૃત્યુ પછી તેના એક કૃપાપાત્ર ગુલામ ઇલ્તુત્મિશે દિલ્હી પર અધિકાર મેળવી પોતાને 'સુલતાન' જાહેર કરી દીધો હતો. ઇલ્તુત્મિશે સુલતાનના પદ અને પ્રતિષ્ઠાને સર્વોપરી બનાવવા માટે એક નવા દળની સ્થાપના કરી. બર્ની આ દળને 'તુરકાન-ઈ-ચિહિલગાની' (40નું દળ) કહે છે. ઇલ્તુત્મિશના અમીરોમાં ઘણા જન્મથી સ્વતંત્ર (તાજિક) એવા અધિકારીઓ પણ હતા. મિન્હાજ-ઉસ-સિરાઝના મતે સુલતાન નાસિરૂદ્દીન મહમૂદના રાજ્યારોહણ સમયે એટલે કે ઇ.સ. 1246માં શાસક વર્ગમાં બહારથી આવેલા સ્વતંત્ર અમીર પણ હતા. ઇલ્તુત્મિશના અવસાન પછી ઉત્તરાધિકારીના સંઘર્ષે અમીરો વચ્ચે મતભેદો ઊભા કર્યા.

આ સમયના શાસક વર્ગમાં અંદરોઅંદરના મતભેદો હોવા છતાં તેઓ વચ્ચે ભાઈચારાની એક ભાવના હતી. આ વર્ગ સિવાય બહારની વ્યક્તિઓ વિરુદ્ધની શત્રુતાની ભાવનામાંથી આ અંગેનો ખ્યાલ આવે છે. રઝિયા સુલતાના (1236-1240 A.D.)એ જ્યારે એક હબ્શી (એબીસિ નિયન) ગુલામ જમાલુદ્દીન યાકૂતને 'અમીર-ઈ-આખુર' (શાહી અશ્વદળનો વડો)નો ઉચ્ચ હોદ્દો આપ્યો ત્યારે તુર્ક અમીરોનો અસંતોષ પ્રજ્વળી ઊઠ્યો. આ પ્રકારનો જ વિરોધ સુલતાન નાસિરૂદ્દીન મહમૂદના શાસનકાળમાં ઈમાદ-ઉદ્-દીન રૈહાન નામના એક વટલાયેલા હિંદુએ મહત્ત્વનો હોદ્દો આપવાના પ્રશ્ને થયો હતો. આમ, કુલીન હોવું કે શાસક વર્ગમાં સ્થાન પ્રાપ્ત કરવું એ કેટલાક ખાસ વર્ગોનો વિશેષાધિકાર ગણવામાં આવતો હતો. ક્યારેક આ બધું તેને માત્ર "કુળવાન વર્ગમાં જન્મ"ના સિદ્ધાંત પર જ મળી જતું હતું. દા.ત. બલ્બન. બર્ની આ નીતિઓનું શ્રેય બલ્બનને જ આપે છે.

હવે તમે સમજી શક્યા હશો કે એક સમાન અને સ્વાર્થી હિતોને લીધે પ્રભાવશાળી જૂથો કેવી રીતે એક સાથે રહેતાં હતાં શાસક વર્ગની રચનામાં એક વિશેષ જાતિ અને કંઈક અંશે ધર્મ પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવતાં હતાં. હકીકતમાં શાસક વર્ગ એકરૂપ સંગઠન ન હતું. તેમાં કેટલાંક પ્રકારનાં દળ અને જૂથો હતાં. આ દરેક જૂથો ઈર્ષા અને સ્પર્ધા દ્વારા પોતાનાં ખાસ હિતોનું રખેવાળું કરતાં હતાં. મુહમ્મદ ઘોરીના આક્રમણ સમયે જે જે તુર્ક અધિકારી કે સેનાનાયક તેની સાથે હતા તે શરૂઆતના તુર્ક શાસક વર્ગમાં કેન્દ્રસ્થાને હતા. આ લોકોએ જ કેન્દ્ર અને પ્રાંતોના મહત્ત્વના હોદ્દાઓ પર પોતાનો અધિકાર જમાવી દીધો હતો.

### 17.3.1 ઇલ્બરી (ગુલામ વંશ)

મુહમ્મદ ઘોરી દ્વારા જીતવામાં આવેલ ભારતીય પ્રદેશો પર કુતુબુદ્દીન ઐબકે અધિકાર મેળવી લીધો. આ પ્રદેશો પર ઉત્તરાધિકાર મેળવવાનો ઐબકને એટલો જ અધિકાર હતો જેટલો ગજની અને સિંધ પર પોતાની સ્વતંત્રતા અને સ્વાયત્તતા જાહેર કરનાર યિલ્દિઝ કે કુબાચા જેવા અમીરોને હતો. સલ્તનતના પ્રારંભિક ઇતિહાસની આ એક વિશેષતા રહી. સુલતાનને સત્તારૂઢ થવા અને ત્યાં ટકી રહેવા માટે અમીરોના ટેકા અને સાથની જરૂરિયાત રહેતી હતી. જેમ કે; ઇલ્તુત્મિશે દિલ્હીના અમીરોની સહાયતાથી રાજગાદી પર અધિકાર મેળવ્યો. રાજગાદીની પ્રાપ્તિના પ્રયાસોમાં કે સુલતાન બનવામાં તુર્ક અમીરોની ભૂમિકા ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહેતી હતી.

પ્રારંભિક ઇલ્બરી શાખાનો તુર્ક અમીરોનો વર્ગ રાજ્ય કરવાના પોતાના વિશિષ્ટ હક ઉપર બહુ સભાન હતો. તે આ એકાધિકારને જ્યારે અન્ય કોઈ સામાજિક જૂથ પડકારતું ત્યારે આ વર્ગ નારાજ થતો અને ઉગ્રતાથી તેનો વિરોધ કરતો. ઇલ્તુત્મિશના અવસાન પછી તેના

ઇલ્બરી શાખાના તુર્ક અમીરોના જૂથ 'તુર્કાન-ઈ-ચિહિલગાની'ના હાથમાં ઘણી સત્તા અને શક્તિ આવી ગયા. આ જૂથ ખૂબ જ મહત્ત્વપૂર્ણ હતું. સુલતાનોએ જ્યારે જ્યારે અન્ય દળોને સત્તામાં ભાગીદાર બનાવવા માટેના પ્રયાસ કર્યા, ત્યારે આ જૂથે તેનો વિરોધ કર્યો. દા.ત. રઝિયા દ્વારા યાકૂતને 'અમીર-ઈ-આખુર' અને નાસિરૂદ્દીન મહમૂદ દ્વારા ઈમાદ-ઉદ્દીન રૈહાનને 'વકીલ-ઈ-દર' (મુખ્ય સલાહકાર)ના હોદ્દાઓ આપવાના પ્રસંગો. સમકાલીન ઇતિહાસકાર મિન્હાજ 'શુદ્ધ નસ્લ (જાતિ)ના તુર્કો'નો પક્ષ લેતાં જણાવે છે કે તેઓ હિન્દુસ્તાનની મૂળ જાતિના ઈમાદ-ઉદ્-દીન રૈહાનને પોતાની પર રાજ્ય કરતો કેવી રીતે સહન કરી શકે ? આ તુર્ક-અમીરોના વિરોધનો સામનો કરવા અસમર્થ એવા સુલતાને ઈમાદ-ઉદ્-દીન રૈહાનને દૂર કરી બલ્બનને ફરીથી નીમવો પડ્યો હતો.

જ્યારે બલ્બન ખુદ સુલતાન (1266-1286 A.D.)બન્યો ત્યારે લાંબા સમયના રાજનૈતિક અનુભવે બલ્બનને એ શીખવ્યું હતું કે તુર્ક અમીરોની શક્તિનો નાશ કર્યા વગર સુલતાન ન તો પોતાની રાજનૈતિક શક્તિનો ઉપયોગ કરી શકશે કે ન તો પોતાની પ્રજાનો પ્રેમ અને સન્માન પ્રાપ્ત કરી શકશે. બલ્બને પોતાની નજરે એ નિહાળ્યું હતું કે, તુર્ક અમીરોના વર્ચસ્વને કારણે સુલતાનની સ્થિતિ નીચે જતાં જતાં એક સામંતના જેવી થઈ ગઈ છે.

બલ્બન સમજતો હતો કે સુલતાનની નિરંકુશતાના માર્ગમાં સૌથી મોટું વિઘ્ન તુર્ક અમીરોનું છે. આ અમીરોનું નેતૃત્વ 'ચાલીસના જૂથ' (તુર્કાન-ઈ-ચિહિલગાની)ના હાથમાં હતું. દરેક સુલતાનને આ તુર્ક અમીરોએ આંગળીના ટેરવે નચાવ્યા હતા. બલ્બને પોતાના માટે અને પોતાની ભાવિ પેઢી માટે દિલ્હી સલ્તનતની ગાદી સુરક્ષિત રાખવા માટે આ 'ચાલીસના જૂથ'નો નાશ કરવાનો નિશ્ચય કર્યો. બલ્બન ખુદ પોતાને વફાદાર એવા અમીરોની સહાયતાથી સત્તા સ્થાને આવ્યો હતો. બર્ની જણાવે છે કે બલ્બને અનેક વરિષ્ઠ તુર્ક અમીરોની હત્યા કરાવી. ડૉ. એ. એલ. શ્રીવાસ્તવ પણ જણાવે છે કે, સુલતાને કપટપૂર્ણ તથા જંગલી ઉપાયો દ્વારા 'ચાલીસના જૂથ'નો નાશ કર્યો અને તેના જે સભ્યો મૃત્યુ કે પદભ્રષ્ટ થવામાંથી બચ્યા તેમનું તેણે કઠોરતાપૂર્વક દમન કર્યું. સુલતાન બલ્બનની સમગ્ર કારકિર્દીનું આ સૌથી મોટું અને સફળ કાર્ય હતું. બર્ની નોંધે છે કે બલ્બને પોતે જ સુલતાન નાસિરૂદ્દીનને પોતાની 'કઠપૂતળી' બનાવીને રાખ્યો હતો. આથી જ તે આગળ પડતા તુર્ક અમીરો પ્રત્યે શંકાશીલ રહ્યો હતો.

### 17.3.2 ખિલજી

ગુલામ વંશના અંતિમ સુલતાન કૈકુબાદ (1287-1290 A.D.)ના સમયમાં દિલ્હી દરબારમાં (1) તુર્ક અમીરો અને (૨) ખિલજી (અફઘાન) અમીરો એમ બે જૂથો પડી ગયાં. આ જૂથબંધીમાં ખિલજી અમીરોની જીત થઈ. ઈ.સ. 1290માં ખિલજી વંશના જલાલુદ્દીને ગુલામ વંશ (ઇલ્બરી શાખા)ના અંતિમ સુલતાન કૈકુબાદને મારી નાખી ગુલામ વંશનો અંત આણ્યો.

ખિલજીઓનું સત્તાસ્થાને આવવું એ સમકાલીન ઇતિહાસકારો માટે આશ્ચર્યજનક ઘટના હતી. બર્ની જણાવે છે કે ખિલજી અમીરો તુર્ક અમીરોથી એક જુદી જ જાતિના હતા. સી.ઈ. બોસવર્થ જેવા આધુનિક ઇતિહાસકાર ખિલજીઓને તુર્ક જ ગણાવે છે. પરંતુ 13મી સદીમાં તેઓને કોઈ તુર્ક ગણતું નહીં. આથી જ તેઓનું સત્તાસ્થાને આવવું એ એક વિલક્ષણ અને નવી ઘટના તરીકે જોવાઈ, કારણ કે ખિલજીઓ અમીર-ઉમરાવ વર્ગમાં કે શાસક વર્ગમાં ક્યારેય મહત્ત્વપૂર્ણ અંગ સમાન હતા જ નહીં. ટૂંકમાં, ખિલજીઓ મૂળ તો તુર્ક હતા, છતાં લાંબા સમય સુધી અફઘાનિસ્તાનમાં 'ગર મિસર' (ગરમ પ્રદેશ)માં રહેવાથી તેમનામાં અફઘાનોના રીતરિવાજો વગેરે આવી ગયા હતા. એટલે સામાન્ય રીતે તેઓ અફઘાન તરીકે ઓળખાયા. અલાઉદ્દીન ખિલજીએ તુર્ક અમીર-ઉમરાવની તાકાત તોડી પાડવા માટે પોતાના અમીર-ઉમરાવ વર્ગમાં નવા લોકોને દાખલ કર્યા. રાજ્યના ઉચ્ચ હોદ્દાઓ પર મગરૂબ તુર્કી અને ખિલજી અમીર-ઉમરાવોને મૂકવાને બદલે ગમે તેને મૂકવાની પ્રથા શરૂ કરી, જેમાં મંગોલ (નવા મુસલમાન), ભારતીય અને એબીસિનિયન મુખ્ય હતા. અમીર વર્ગની સંરચનાના વિસ્તારની આ પ્રક્રિયા તઘલખવંશ દરમિયાન પણ ચાલુ રહી.

અત્રે એ નોંધવું પણ રસપ્રદ બની રહેશે કે બલ્બન અને અલાઉદ્દીન ખિલજીના સમયમાં દિલ્હીમાં કોટવાળ નામના અમીરોનું એક નાનું જૂથ પણ હતું. અલબત્ત, આ એક કૌટુંબિક જૂથ હતું. જેનો વડો દિલ્હીનો કોટવાળ ફખરૂદ્દીન હતો. બલ્બનના અવસાન પછીના સમયમાં આ જૂથે પણ મહત્ત્વપૂર્ણ રાજનૈતિક ભૂમિકા ભજવી હતી.

### 17.3.3 તઘલખ

'તઘલખ' એક જાતિનું નામ છે, એવું કેટલાક વિદ્વાનો માને છે. જ્યારે કેટલાક તે વંશના સ્થાપક ગ્યાસુદ્દીનનું પોતાનું નામ 'તઘલખ' હતું તેમ માને છે. એક સામાન્ય તુર્ક કુળમાં તે જન્મ્યો હતો. તેનું કુટુંબ 'કરૌના' તરીકે ઓળખાતું હતું. આ કારણે તેના વંશજો 'કરાના' તુર્કી કહેવાયા. 'કરૌના' એટલે 'મિશ્ર ઓલાદના'. તાતાર પિતા અને હિન્દુસ્તાની (બલુચી) માનાં સંતાનો. તેનો પિતા બલ્બનનો ગુલામ હતો અને માતા પંજાબના જાટ કુળની સ્ત્રી

હતી. અલાઉદ્દીન ખિલજીના શાસનના અંતિમકાળ સુધીમાં ગ્યાસુદ્દીન ઉર્ફે ગાઝી માલિક એક મહત્ત્વનો ઉમરાવ બની રહેલો. ખિલજી વંશના વારસના અભાવે અમીર-ઉમરાવોએ તેને ગાદી સોંપી. અમીર-ઉમરાવો તરફ તેણે માયાળુ અને ઉદાર વર્તન દાખવ્યું અને તેમને તેમના યોગ્ય સ્થાને બેસાડી પોતાના પક્ષમાં કરી લીધા.

મુહમ્મદ તઘલખના સમયમાં ભારતીય અને અફઘાન અમીરોના પ્રવેશથી વધારાના અમીર વર્ગના માળખામાં અભૂતપૂર્વ વિષમતાઓ પ્રવેશી. તેમાં સારી એવી સંખ્યામાં વિદેશી તત્ત્વ, ખાસ કરીને ખુરાસાની ભળી ગયા. તેને સુલતાન 'અઈજ્જા' એટલે કે 'પ્રિય' કહેતો હતો. આ પૈકીના કેટલાક અમીર-ઉમરાવોને સુલતાને 'એકસોના નાયક' તરીકે નિયુક્ત કર્યા. નીચલા કુળમાં જન્મેલા ને આ રીતે ઉચ્ચ પદે આરૂઢ થયેલા અમીરો અંગે બર્ની દુઃખ વ્યક્ત કરે છે. તે જણાવે છે કે ગાવા-વગાડવાવાળા, હજામ અને રસોઈયાઓને ઉચ્ચ પદો આપવામાં આવ્યાં. નામો સાથે તે કેટલાંક ઉદાહરણો પણ આપે છે. જેમ કે, પીરા માળીને 'દીવાન-ઈ-વિઝારત'નો હોદ્દો આપવામાં આવ્યો. ઇસ્લામ ધર્મ સ્વીકારનાર રસ કાઢનાર અજીજ-ઉદ્દીન ખમ્માર, કવામુલ મુલ્ક મકબૂલ, મલિક મખ અને મલિક સાહૂ તથા સાઈ રાજ ધારા તથા ભીરનરાય જેવા હિન્દુઓને ઈક્તા અને અન્ય પદો આપવામાં આવ્યાં.

ફિરોઝ તઘલખના સમયમાં અમીર-ઉમરાવોની સામાજિક પૃષ્ઠભૂમિ અંગે કોઈ સ્પષ્ટ સંકેત મળતો નથી, સુલતાન અને અમીર-ઉમરાવો વચ્ચે ઉપલક સપાટીએ હાલક-ડોલક એવી શાંતિનું વાતાવરણ પ્રવર્તતું હતું.

અમીર-ઉમરાઓ માટે ખાન, માલિક અને અમીર જેવાં પદનામોનો પ્રયોગ કરવામાં આવતો હતો. અફઘાન અમીરો માટે ઘણું કરીને 'ખાન' પદનામનો પ્રયોગ કરવામાં આવતો. 'અમીર' પદનામનો સંબંધ 'નાયક' સાથે જોડાયેલો છે, 'મલિક'નો ઉપયોગ રાજા, શાસક કે પ્રધાનના અર્થમાં થતો હતો. સન્માનદર્શક ઉપાધિઓ સિવાય અમીરોને કેટલાક વૈભવ અને સન્માન-સૂચક ચિહ્નો પણ એનાયત કરવામાં આવતાં હતાં જેને 'મરાતિબ' તરીકે ઓળખવામાં આવતાં હતાં. જે અમીર-ઉમરાવોના વિશેષાધિકારના પ્રતીક સમાન હતાં. દા.ત. સન્માનદર્શક વસ્ત્ર (ખિલત), સુલતાન દ્વારા તલવાર કે કટાર ભેટ આપવી, શોભાયાત્રા સમયે ઘોડા અને હાથીનો ઉપયોગ કરવાનો અધિકાર, રાજ-ચિહ્ન અંકિત છત્ર, રાજચિહ્ન ધારણ કરવા અને નગારા વગાડવાનો અધિકાર વગેરેનો સમાવેશ થતો હતો.

દરેક સુલતાન પોતાને વફાદાર એવું અમીરોનું જૂથ સંગઠિત કરવાનો પ્રયાસ કરતો. તેની આ નીતિને લીધે સુલતાનને જેની વફાદારી શંકાસ્પદ હોય તેવા અગાઉના અમીર વર્ગ ઉપર નિર્ભર રહેવાની જરૂરિયાત ન રહેતી. સમકાલીન ઇતિહાસકારોના વિવરણમાં આપણને એટલા માટે જ અમીરોનો સંદર્ભ કુતુબી (કુતુબુદ્દીન ઐબકના), શમ્સી (શમસુદ્દીન ઇલ્તુત્મિશના), બલ્બની (બલ્બનના) અને અલાઈ (અલાઉદ્દીન ખિલજીના) અમીરોના રૂપમાં જોવા મળે છે. અહીં એ સ્પષ્ટ કરવું જરૂરી છે કે સુલતાન શક્તિશાળી હોય કે નબળો હોય; પરંતુ અમીરોનું પ્રત્યેક જૂથ તેની કૃપાદૃષ્ટિ મેળવવા માટેનો ભ્રામક પ્રયાસ કરતું. કેમ કે તમામ વિશેષાધિકારો અને શક્તિનો સ્રોત સુલતાન ખુદ હતો. જો સુલતાન દૃઢ ઇચ્છાશક્તિ ધરાવતો હોય તો તેનું આ સ્થાન અને સ્થિતિ તેની સર્વોચ્ચ સત્તાને મજબૂત કરવા માટે ખૂબ જ ઉપયોગી થઈ પડતી. દિલ્હી સલ્તનતના આ સામંતી અધિકારી વર્ગમાં અફઘાનોની એક મોટી માત્રામાં સામેલગીરી હતી. લોદીવંશ (1451-1526 A.D.)સત્તાસ્થાને આવતાં અમીર-ઉમરાવ વર્ગમાં અફઘાનોની અગ્રતા સ્થાપિત થઈ.

**'તમારી પ્રગતિ ચકાસો' – અ**

1. ઇલ્બરી શાસકોના સમયમાં શાસક વર્ગની રચનાનું વિશ્લેષણ કરો.

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

.................................................................................................................

............................................................................................................

2. ખિલજી અને તઘલખ શાસકોના સમયમાં અમીર વર્ગના સંગઠન અને રચનામાં કેવાં પરિવર્તનો આવ્યાં ?

............................................................................................................

............................................................................................................

............................................................................................................

............................................................................................................

3. નીચેનાં કથનો સામે સાચા (✓) કે ખોટા (×)નું નિશાન કરો :
   (ક) તેરમી સદીમાં તુર્ક અમીરોને વેતન રોકડ નાણાં સ્વરૂપે મળતું હતું.
   (ખ) મુહમ્મદ તઘલખે પોતાના અમીરવર્ગમાં વિભિન્ન સામાજિક પૃષ્ઠ ભૂમિકા ધરાવતી વ્યક્તિઓને સ્થાન આપ્યું.
   (ગ) બર્ની ખિલજીઓને તુર્ક માનતો હતો.

## 17.4 ઈક્તા અને શાસક વર્ગમાં સાધનસંપત્તિનું વિતરણ

એકમ 16માં તમે ઈક્તા વ્યવસ્થા, ઇસ્લામી જગતમાં તેનો પ્રારંભિક ઇતિહાસ અને ભારતમાં તેના પ્રયોગ અંગે અભ્યાસ કરી ગયા. સલ્તનતની આવકનું મુખ્ય સાધન જમીન મહેસૂલ હતું. સુલતાન માટે રક્ષિત રહેતી જમીનની આવકને 'ખાલિસા' કહેવાતી. ઈક્તા જમીનનો એ ભાગ હતો, જેની આવક અમીર-ઉમરાવોને અનુદાનમાં આપવામાં આવતી હતી. ઈક્તા કે મુક્તી ધારકો (ગવર્નરો)ને પોતાના ક્ષેત્રમાંથી જમીન મહેસૂલ ઉઘરાવવાનું અને તે જમા કરાવવાનું હતું. આ પ્રદેશોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી તેમની હતી. આ સાથે જ સમય આવ્યે આ લોકોએ સુલતાનને લશ્કરી સહાયતા પણ પૂરી પાડવાની હતી. આ મહેસૂલ કે જમીન અનુદાન સ્થળાંતરને પાત્ર હતું. તેમ જ વંશપરંપરાગત ન હતું. હકીકતમાં તો આ ઈક્તા વ્યવસ્થા દ્વારા જ સુલતાન અમીર-ઉમરાવો ઉપર પોતાનું નિયંત્રણ રાખતો હતો. મુકતી પોતાના વિસ્તારના ખેડૂતો પાસેથી જમીન મહેસૂલ ઉઘરાવી, તેમાંથી પોતાનું અને પોતાના સૈનિકોનું વેતન લઈ લેતો અને વધારાનું કે બચેલું નાણું (ફ્વાજિલ) તે દીવાન-ઈ-વિઝારતને મોકલી આપતો. આ બાબત કેન્દ્રીકરણનો અભિગમ બતાવે છે. મુક્તીએ પોતાની આવક-જાવકનો હિસાબ પણ કેન્દ્રીય નાણાં વિભાગને મોકલવાનો રહેતો. છળ-કપટ રોકવા માટે આ હિસાબ-કિતાબનું કડક પરીક્ષણ કરવામાં આવતું હતું.

અલાઉદ્દીન ખિલજી સાથે થયેલા બળવાઓમાં અમીર-ઉમરાવોની ભૂમિકા નોંધપાત્ર હતી. અલાઉદ્દીન ખિલજીએ અમીર-ઉમરાવોના વર્ચસ્વને છિન્ન ભિન્ન કરવા કેટલાંક સક્રિય પગલાં લીધાં. તેણે જુદા જુદા હુકમો દ્વારા - (1) અમીર-ઉમરાવોની સંપત્તિ છીનવી લીધી. (2) સામાજિક પ્રસંગોએ એક-બીજાને ત્યાં મળવા જવા-આવવાની મનાઈ ફરમાવી. (3) સુલતાનની પૂર્વમંજૂરી વગર અંદરોઅંદર લગ્નસંબંધ બાંધવા પર પ્રતિબંધ મૂક્યો. (4) અમીર-ઉમરાવોની પ્રત્યેક હિલચાલ ઉપર રાત-દિવસ ગુપ્તચર અધિકારીઓ (બરીદ)નો ચોકીપહેરો મૂક્યો.

અલાઉદ્દીન ખિલજીના સમયમાં રાજ્યે લીધેલા ઉપરોક્ત ઉપાયોને રાજ્યમાં થયેલા અવારનવારના બળવાઓના સંદર્ભે જોઈ શકાય. પોતપોતાનાં ક્ષેત્રોમાં સંસાધનો (ઉપકરણો)નો ગેરઉપયોગ કરી મુક્તી (ગવર્નર) વિદ્રોહ કરતા અથવા રાજગાદી પર અધિકાર મેળવવા પ્રયાસ કરતા હતા. આ કારણથી જ ઈકતાઓનું સ્થળાંતર તર્કસંગત માની શકાય. મુહમ્મદ તઘલખના શાસનકાળમાં (1325-1351 A.D.) અમીરોને રોકડમાં વેતન આપવાને બદલે ઈક્તા આપવામાં આવતા હતા. પરંતુ આ પૂર્વવ્યવસ્થાના બદલામાં હવે સૈનિકોના વેતનનો પ્રબંધ નાણા વિભાગમાંથી રોકડાં નાણાં રૂપે કરવામાં આવતો હતો. આ નવી નાણાં વ્યવસ્થા અને ઇકતા અનુદાનો પર લદાયેલાં નિયંત્રણોએ જ સંભવતઃ સુલતાન અને અમીરો વચ્ચેના સંઘર્ષને જન્મ આપ્યો. કારણ કે આ નવી વ્યવસ્થાએ અમીરોને ઇકતાથી થનારા લાભોથી વંચિત રાખ્યાં. ફિરોઝ તઘલખના શાસનકાળમાં રાજ્યની નીતિમાં પરિવર્તન આવ્યું અને ઈક્તા પર કેન્દ્રીય નિયંત્રણોમાં છૂટછાટ મૂકવામાં આવી. હવે ઈક્તાધારકોના અવસાન પછી તેના પુત્રો અને વંશજોને ઇક્તા આપવાની પરંપરા શરૂ થઈ. તુલનાત્મક દૃષ્ટિએ વિચારીએ તો ફિરોઝ તઘલખના લાંબા શાસનકાળ દરમિયાન પ્રમાણમાં ઘણા ઓછા બળવાઓ થયા હતા. પરંતુ આ સમયમાં જ રાજ્યનું વિકેન્દ્રીકરણ અને વિઘટન શરૂ થયું. લોદી વંશ (1451-1526 A.D.)ના સમય સુધીમાં ઈક્તાધારકો (જેને હવે 'વજહદાર' કહેવામાં આવતા)ના સ્થળાંતર કે ફેરબદલીની પ્રથા સમાપ્ત થઈ ગઈ.

## 17.5 ઉલેમા

દિલ્હી સલ્તનતના રાજકારણમાં તથા સરકારના સંચાલનમાં બે પ્રબળ તત્ત્વો (1) અમીર-ઉમરાવો અને (2) ઉલેમાઓ (ધર્મગુરુઓ) ખૂબ જ શક્તિશાળી હતા. આ ઉલેમાઓ કુરાને શરીફના કાયદા મુજબ કાયદાઓનું અર્થઘટન કરતા હતા. ઉપરાંત મહત્ત્વનાં સ્થાનો ઉપર તેમની જ નિયુક્તિઓ થતી હતી. તેમાં સદ્ર, શેખ-ઉલ-ઈસ્લામ, કાઝી, મુક્તી, મુહતસિબ, ઈમામ તથા ખતીબ વગેરે મુખ્ય હતા. આ ઉલેમાઓ શાસક વર્ગના એક મહત્ત્વના અંગ સમાન હતા. આ વર્ગને નિભાવ માટે સુલતાન દ્વારા કરમુક્ત જમીન અનુદાન સ્વરૂપે આપવામાં આવતી હતી. કેટલીક વાર આવાં અનુદાનો અમીર-ઉમરાવ વર્ગ દ્વારા આપવામાં આવતાં. વૈચારિક કે પછી સૈદ્ધાંતિક સ્તરે ઉલેમાઓ સર્વેસર્વા સમાન હતા. કારણ કે શાસક વર્ગના પદ અને સ્થિતિ અંગે ન્યાયોચિતતા કે ઔચિત્ય તેમના દ્વારા જ પ્રમાણિત થતા હતા. ઉલેમાઓનો આ પ્રભાવ માત્ર ધાર્મિક જ નહીં બલકે કેટલીયે વાર રાજનૈતિક પણ હતો.

**'તમારી પ્રગતિ ચકાસો' - બ**

1. ઈક્તા વ્યવસ્થાની બે મુખ્ય વિશેષતાઓ જણાવો.

   (1)..........................................................................................

   ..............................................................................................

   ..............................................................................................

   (2)..........................................................................................

   ..............................................................................................

   ..............................................................................................

2. અમીર-ઉમરાવ વર્ગને નિયંત્રણમાં રાખવા માટે અલાઉદ્દીન ખિલજીએ કેવી નીતિ અપનાવી ?

   ..............................................................................................

   ..............................................................................................

   ..............................................................................................

3. નીચેનાં વિધાનો સામે સાચા (✓) કે ખોટા (×)નું નિશાન કરો :

   (ક) (1) ઈક્તા વંશપરંપરાગત અનુદાન હતા.
   (2) ઈક્તા અમીરોની વ્યક્તિગત સંપત્તિ હતા.
   (3) સામાન્યતઃ ઈક્તા સ્થળાંતર જમીન મહેસૂલ હતું.

   (ખ) (1) મુક્તી સુલતાનના વ્યક્તિગત અંગરક્ષકો હતા.
   (2) મુક્તી ધાર્મિક ઉપદેશ આપતા હતા.
   (3) મુક્તી પ્રાંતીય ગર્વનરો હતા, જેને ઈક્તા અનુદાન આપવામાં આવતા.

   (ગ) ફ્વાજિલ
   (1) અમીરોને આપવામાં આવતું વધારાનું નાણું હતું.
   (2) તે વધારાની આવક હતી, જે ઈક્તાધારકો દ્વારા નાણાં ખાતામાં જમા કરવામાં આવતી હતી.
   (3) રોકડ વેતનના બદલામાં આપવામાં આવતું જમીન મહેસૂલ અનુદાન હતું.

## 17.6 સારાંશ

સલ્તનતની સ્થાપના સાથે જ એક નવા શાસક વર્ગનો ઉદય થયો. તે રચના અને સ્વરૂપની દૃષ્ટિએ અગાઉના શાસક વર્ગથી જુદો પડતો હતો. શરૂઆતનાં વર્ષોમાં આ નવા શાસક વર્ગે પોતાનું મૂળ વિદેશી-તુર્ક-ચરિત્ર જાળવી રાખ્યું હતું. પરંતુ સમય જતાં તેમાં સંમિશ્રણ વધતું ગયું. દિલ્હીના સુલતાનોએ પણ જુદા જુદા સામાજિક વર્ગોમાંથી અમીરો બનાવવાની નીતિ અખત્યાર કરી. આ રીતે રચના અને સ્વરૂપની દૃષ્ટિએ અમીર વર્ગ વિસ્તૃત થતો ગયો. તેમાં માત્ર તુર્ક જ નહીં, બલકે ભારતીય મુસલમાન, ગેરમુસ્લિમો, વિદેશી (એબીસિનિયાવાસી) પણ ભળી ગયા. ઉલેમા વર્ગ (ધર્મગુરુઓ)ને પણ શાસક વર્ગનું એક અંગ જ ગણાવી શકાય. આ વર્ગના નિભાવ માટે પણ રાજ્ય દ્વારા કરમુક્ત જમીન મહેસૂલ અનુદાન અથવા વજીફા (રોકડ) આપવામાં આવતું હતું.

## 17.7 ચાવીરૂપ શબ્દો (Key Words)

**અમિ-એ-અખુર :** શાહી ઘોડારનો અધિપતિ, **અમિર-એ-સદાહ :** સો સૈનિકોનો વડો, **ખત-એ-આઝાદી :** ગુલામીમાંથી મુક્તિ આપતો પત્ર, **તઝીક :** સ્વતંત્ર રહેવા જન્મેલા ઉમરાવો

- અમીરો/એક જાતિ, **તુર્કન-એ-ચિહલીગની** : 'ચાળીશ/ઇલ્તુતમિશના તુર્કી અમીર-ઉમરાવોની એક સેવક ટુકડી, **ઉલેમા** : ધર્માધિકારી/ધર્મોપદેશક, **વઝહદાર** : ઇક્તા ધારક/પગારદાર વ્યક્તિ

## 17.8 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' - અ**

1. પેટા વિભાગ 17.3.1 જુઓ.
2. પેટા વિભાગ 17.3.2 અને પેટા વિભાગ 17.3.3 જુઓ.
3. ક, × ખ, ✓ ગ, ×

**'તમારી પ્રગતિ ચકાસો' - બ**

1. વિભાગ 17.4 જુઓ.
2. વિભાગ 17.4 જુઓ.
3. ક, (1) × (2) × (3) ✓

(ખ) (1) × (2) × (3) ✓

(ગ) (1) × (2) ✓ (3) ×

# એકમ 18 સમસ્યા, સંકટ અને પતન (Problem, Crisis and Decline)

રૂપરેખા

18.0 હેતુઓ
18.1 પ્રાસ્તાવિક
18.2 રાજાશાહીનું સ્વરૂપ
18.3 સુલતાન અને અમીરો વચ્ચે સંઘર્ષ
18.4 મહેસૂલી વ્યવસ્થાનું સંકટ
18.5 પ્રાદેશિક રાજ્યોનો ઉદય
18.6 મંગોલ
18.7 સારાંશ
18.8 ચાવીરૂપ શબ્દો
18.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો
18.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો

## 18.0 હેતુઓ

દિલ્હીના સુલતાનોએ અનેકવિધ રાજકીય અને વહીવટી સમસ્યાઓનો સામનો કરવો પડ્યો. સમય જતાં આ સમસ્યાઓ એટલી તો ગંભીર બની ગઈ કે જેણે રાજકીય સંકટને જન્મ આપ્યો અને આખરે રાજવંશોને પતન તરફ ઘસડી ગઈ. આ એકમમાં તમે નીચેના મુદ્દાઓનો અભ્યાસ કરશો :

- રાજાશાહીનું સ્વરૂપ
- સુલતાન અને અમીરો અથવા કુલીનો વચ્ચે સંઘર્ષ
- નાણાં વ્યવસ્થાનું સંકટ
- પ્રાદેશિક રાજ્યોનો ઉદય અને
- મંગોલ

## 18.1 પ્રાસ્તાવિક

સલ્તનત કાળ (1206-1526 A.D.)માં ભારતમાં પાંચ રાજવંશો - (1) ઇલ્બરી (ગુલામ) વંશ (2) ખિલજી વંશ (3) તઘલખ વંશ (4) સૈયદ વંશ અને (5) લોદી વંશે શાસન કર્યું. તુર્ક લોકો મધ્ય એશિયામાંથી આવ્યા હતા એટલે શરૂઆતના સમયમાં તે ભારતની રાજકીય તથા આર્થિક વ્યવસ્થાથી સંપૂર્ણપણે પરિચિત ન હતા. આથી પોતાના શાસનને કાયમી બનાવવા માટે તેમણે કેટલીક વહીવટી વ્યવસ્થાનો પ્રારંભ કર્યો. જે કેટલાંક પરિવર્તનો સાથે એક લાંબા કાળ સુધી ચાલુ રહી. આ સમયના રાજકીય ઇતિહાસનો અભ્યાસ કરતાં જણાય છે કે શાસકોને કેટલીયે આંતરિક સમસ્યાઓ અને બાહ્ય સંકટોનો સામનો કરવો પડ્યો હતો. ખાસ કરીને સુલતાન અને અમીરવર્ગ વચ્ચેના સતત સંઘર્ષે દિલ્હી સલ્તનતને પતનના માર્ગે લાવીને મૂક્યું.

## 18.2 રાજાશાહીનું સ્વરૂપ

સલ્તનતકાળમાં કોઈ સ્પષ્ટ અને ચોક્કસ ઉત્તરાધિકારીના નિયમનો અભાવ હતો. વંશપરંપરાગત કે પૈતૃક ઉત્તરાધિકારીનો સિદ્ધાંત સ્વીકારવામાં આવ્યો હતો. પરંતુ હંમેશાં તેનું પાલન થતું ન હતું. જ્યેષ્ઠ પુત્ર જ ગાદીએ આવે એવો પણ કોઈ નિયમ ન હતો. એક પ્રસંગે તો પુત્રો હોવા છતાં પુત્રીને પણ શાસન સોંપવામાં આવ્યું હતું, દા.ત. રઝિયા. પરંતુ કોઈ પણ સંજોગોમાં કોઈ ગુલામ મુક્તિપત્ર કે સ્વતંત્રતા પ્રાપ્ત ન કરી લે ત્યાં સુધી શાસક બની શકતો નહીં. સલ્તનતકાળમાં મહદ્અંશે 'બાવડાંના બળ' પર ઉત્તરાધિકારનો પ્રશ્ન અવલંબતો હતો. સલ્તનતકાળ દરમિયાન ઉત્તરાધિકારીના નિયમના અભાવે પ્રારંભથી જ સત્તાપ્રાપ્તિ માટે ષડયંત્રો અને કાવતરાંઓ થવા લાગ્યાં. કુતુબુદ્દીન ઐબકના અવસાન (1210 A.D.)પછી તેનો પુત્ર આરામશાહ નહીં પરંતુ જમાઈ અને ગુલામ રાજસ-ઉદ્-દીન ઇલ્તુત્મિશ સત્તાસ્થાને આવ્યો. તેના મૃત્યુ (1236 A.D.) પછી પણ એક લાંબા સમય સુધી સત્તા માટેનો સંઘર્ષ અને સંકટ ચાલુ રહ્યાં. અંતે ઈ.સ. 1266માં ઇલ્તુત્મિશના ગુલામ બલ્બને, જે 'ચાલીસના દળ' (The Forty)નો સભ્ય હતો, રાજગાદી કબજે કરી. આ પૂર્વે તમે અભ્યાસ કરી ગયા કે બલ્બને કેવી રીતે રાજાશાહી અને રાજદરબારને એક નવું રૂપ આપીને સુવ્યવસ્થિત, સુસંગઠિત અને

દમામવાળા બનાવ્યા. એ એટલે સુધી કે સમગ્ર મધ્ય એશિયામાં તે એક આદર્શ સમાન બની ગયાં. પરંતુ કમભાગ્યે બલ્બનના અવસાન (1287 A.D.) બાદ સત્તા માટેના સંઘર્ષે ફરી એક વાર સાબિત કરી આપ્યું કે ઉત્તરાધિકારનો ફેંસલો 'તલવાર' કે 'બળ'ના આધારે જ થઈ શકે. બલ્બન દ્વારા નિયુક્ત કૈખુશરોની જગ્યાએ કૈકુબાદને ગાદીએ બેસાડી દેવામાં આવ્યો. પાછળથી ખિલજી અમીરોએ તેની પણ હત્યા કરી નાખી અને ખિલજી વંશનો પાયો નાખ્યો. ઈ.સ. 1296માં અલાઉદ્દીન ખિલજીએ પોતાના કાકા જલાલુદ્દીન ખિલજીનું ખૂન કરી સત્તા ગ્રહણ કરી લીધી. અલાઉદ્દીનના અવસાન (1316 A.D.) પછી પણ ગૃહયુદ્ધ અને સત્તાપ્રાપ્તિ માટેનો સંઘર્ષ શરૂ થઈ ગયો. અમીર-ઉમરાવોના બળવાને કારણે મુહમ્મદ તઘલખ (1325 - 1351 A.D.)નું શાસન નબળું પડ્યું. ફિરોઝ તઘલખના અવસાન (1388 A.D.) પછી સત્તા માટેના સંઘર્ષ અને સ્પર્ધાએ તઘલખ વંશનો અંત લાવીને સૈયદ વંશ (1414-1451 A.D.)ની સ્થાપનાનો માર્ગ મોકળો કર્યો.

લોદી વંશ (1451 - 1526 A.D.)ની સ્થાપનાની સાથે જ 'અફઘાનો'નું એક નવું જ પરિમાણ ઉમેરાયું. સાર્વભૌમત્વ કે રાજતંત્ર અંગેના અફઘાનોના વિચારો તદ્દન જુદા જ હતા. આ અફઘાન અમીરો પોતાની ઉપર સુલતાનની સત્તા હોય એવું માનવા તો તૈયાર હતા. પરંતુ સંપૂર્ણ રાજ્યને પોતાના જૂથ કે કુળ (ફરમૂલી, સરવાની અને નિયાજી)માં વહેંચવાનો અભિગમ ધરાવતા હતા. સિકંદર લોદીના અવસાન (1517 A.D.) પછી સામ્રાજ્યની વહેંચણી ઇબ્રાહીમ અને જલાલ વચ્ચે થઈ. શાહી વિશેષાધિકાર અને સુવિધાઓનો ભોગવટો પણ કુળના સભ્યો એક સમાન રીતે વહેંચતા હતા. દા.ત. હાથી રાખવા એ સુલતાનનો વિશેષાધિકાર હતો પરંતુ કહેવાય છે કે આજમ હુમાયુ સરવાની પાસે લગભગ 700 જેટલા હાથીઓ હતા.

આ ઉપરાંત અફઘાન અમીર-ઉમરાવો પોતાનું પ્રજાકીય લશ્કર રાખવાના સિદ્ધાંતમાં પણ માનતા હતા. તેણે આગળ જતાં કેન્દ્રીય સરકારની લશ્કરી તાકાતને જબરું નુકસાન પહોંચાડ્યું હતું. સિકંદર લોદીએ અફઘાન અમીર-ઉમરાવો પર નિયંત્રણ રાખવાનો પ્રયાસ કર્યો. પરંતુ અફઘાન વિચારધારાનો ઝુકાવ વિકેન્દ્રીકરણ તરફ ઢળેલો હતો. આ વિચારધારાએ આખરે તો દિલ્હી સલ્તનતમાં વધુ તિરાડો પેદા કરી.

## 18.3 સુલતાન અને અમીરો વચ્ચે સંઘર્ષ

સલ્તનતકાળના રાજકીય ઇતિહાસનો અભ્યાસ કરતાં એ સ્પષ્ટપણે જણાઈ આવે છે કે સલ્તનતનું સંગઠન અને પતન મુખ્યત્વે કુલીન અમીર-ઉમરાવોની રચનાત્મક અને વિનાશાત્મક ગતિવિધિઓને જ આભારી હતું. આ યુગના અમીર-ઉમરાવોનો સતત એ પ્રયાસ રહ્યો હતો કે વધુમાં વધુ રાજકીય અને આર્થિક લાભો તેઓને જ મળે.

ઇલ્બરી (ગુલામ) વંશ (1206 - 1290 A.D.) દરમિયાન સંઘર્ષ માટેના ત્રણ મુખ્ય મુદ્દાઓ હતા : (1) ઉત્તરાધિકાર (2) અમીર વર્ગનું સંગઠન અને (3) સુલતાન અને અમીરો વચ્ચે રાજકીય અને આર્થિક તાકાતનું વિભાજન. કુતુબુદ્દીન ઐબક જ્યારે સુલતાન બન્યો ત્યારે પ્રભાવશાળી અમીરોએ તેની સત્તાનો સ્વીકાર ન કર્યો. જેમાં સુલતાનનો શાસક કુબાચા, ગજનીનો શાસક યિલ્દિજ તથા બંગાળનો શાસક અલીમર્દાન મુખ્ય હતાં. શમ્સ-ઉદ્દ-દીન ઇલ્તુત્મિશને આ સમસ્યા ઉત્તરાધિકારમાં જ મળી ! પરંતુ તેણે કુનેહપૂર્વક અને બળપ્રયોગ દ્વારા તેનું નિરાકરણ કર્યું. પાછળથી ઇલ્તુત્મિશે અમીરોને 'તુર્કાન ચિહિલગાની' (ચાલીસના દળ - The Forty) નામના સામૂહિક દળમાં સંગઠિત કર્યા. વ્યક્તિગત રૂપે આ દળ તેને વફાદાર હતું. 'ચાલીસના દળ'ના અમીરોની પ્રતિષ્ઠા અને વિશેષાધિકાર અન્ય અમીર-ઉમરાવો માટે ઈર્ષાનો વિષય બન્યાં, જોકે આ એક અતિ સ્વાભાવિક પ્રક્રિયા હતી. પરંતુ આનો અર્થ એવો ન હતો કે 'ચાલીસના દળ'માં કોઈ આંતરિક મતભેદ કે કલહ ન હતાં. હા, આ વિશિષ્ટ જૂથમાં ગેર - તુર્ક અમીરોના પ્રવેશને રોકવો એ એક મુદ્દા અંગે તેમના વિચારોમાં પૂરી એકતા હતી. સુલતાન ઉપર પોતાનો સતત પ્રભાવ જળવાઈ રહે એવા 'ચાલીસના દળ'ના સતત પ્રયાસો રહ્યા હતા. ખુદ સુલતાન પણ આ દળને નારાજ કરવા તૈયાર ન હતો. પરંતુ સાથોસાથ તે અન્ય દળના અમીરોને ઉચ્ચ હોદ્દાઓ પર નિયુક્ત કરવાનો પોતાનો હક છોડવા પણ તૈયાર ન હતો. આ પરિસ્થિતિમાં સુલતાન ઇલ્તુત્મિશે કુશળતાપૂર્વક સંતુલન જાળવી રાખ્યું. પરંતુ તેના અવસાન પછી આ સંતુલન ખતમ થઈ ગયું. દા.ત. ઇલ્તુત્મિશે પોતાની હયાતીમાં જ પોતાની પુત્રી રઝિયાને પોતાના ઉત્તરાધિકારી તરીકે જાહેર કરી દીધી. પરંતુ તેના અવસાન બાદ કેટલાક અમીરોએ રઝિયાને એક શાસકના રૂપમાં સ્વીકારવાનો ઇન્કાર કરી દીધો. રઝિયાએ 'ચાલીસના દળ'ના દબાણનો સામનો કરવા માટે ગેર-તુર્ક (એબીસિનિયાઈ અને ભારતીય) અમીરોનું સંગઠન કરવાનું શરૂ કરી દીધું.

'ચાલીસના દળ'ના ઘણાખરા અમીરો દ્વારા રઝિયાના વિરોધ માટેનું આ એક મુખ્ય કારણ

હતું. આ અમીરોએ રઝિયાના ભાઈ રુકનુદ્દીનનું સમર્થન કર્યું. કારણ કે તે નબળો અને અયોગ્ય હતો. અમીરોને ગળા સુધી ખાતરી હતી કે તે ક્યારેય પણ તેમની સત્તા અને તાકાતને ખતમ કરવાનો પ્રયાસ નહીં કરે. સુલતાન નાસિરુદ્દીન મહમૂદ (1246 - 1266 A.D.)ના શાસનકાળમાં પણ આ સંઘર્ષ ચાલતો રહ્યો. તેના સમયમાં બલ્બનની સફળતા અને દિલ્હી દરબારમાં વધતી જતી તેની લાગવગથી તુર્ક અમીરોમાં ઈર્ષાનો અગ્નિ ભભૂકી ઊઠ્યો. આથી સુલતાન નાસિરુદ્દીને બલ્બનને નાગૌરના સૂબા તરીકે જવા ફરજ પાડી. આમ બલ્બનને હટાવવામાં અમીરોને મળેલી સફળતા એ તેમની તાકાતનું સૌથી મોટું પરીક્ષણ હતું. બલ્બન નાસિરુદ્દીનનો નાયબ (અમીર-ઈ-હાજિમ) હતો અને 'ચાલીસના દળ'નો સભ્ય પણ હતો. સુલતાને તેને હટાવીને તેના સ્થાને એક ભારતીય મુસલમાન ઈમાદઉદ્દીન રૈહાનની નિયુક્તિ કરી, જે તુર્ક અમીરો માટે અસહ્ય થઈ પડી. અમીરોના તીવ્ર વિરોધ સામે સુલતાને નમતું જોખવું પડ્યું. ઈમાદઉદ્દીનને હટાવીને બલ્બનની પુન: નિયુક્તિ કરવામાં આવી. એટલું જ નહીં પરંતુ 18 ફેબ્રુઆરી, 1266ના રોજ જન્નતનશીન થતાં પહેલાં તે બલ્બનને પોતાના વારસદાર તરીકે નીમતો ગયો.

બલ્બનના શાસનકાળમાં 'તુર્કાન-ઈ-ચિહિલગાની'નો પ્રભાવ ઘટી ગયો. સુલતાન બન્યો એ પહેલાં બલ્બન ખુદ 'ચાલીસના દળ'નો સભ્ય હતો. આથી અમીર-ઉમરાવોની વિદ્રોહી પ્રવૃત્તિઓથી તે સુમાહિતગાર હતો. બલ્બને આમાંથી સૌથી શક્તિશાળી એવા અમીર-ઉમરાવોને પોતાનું નિશાન બનાવ્યા અને કેટલાય અમીરોની હત્યા કરાવી, જેમાં પોતાના સંબંધી ભાઈનો પણ સમાવેશ થઈ જતો હતો. આ સાથે જ તેણે પોતાને વફાદાર એવા અમીરોનું એક નવું જૂથ રચ્યું, જે 'બલ્બની' કહેવાયા. 'ચાલીસના દળ'ના અનેક અનુભવી અમીર-ઉમરાવોને દૂર કરવાથી રાજ્ય તેના અનુભવ અને કીમતી સેવાથી વંચિત રહ્યું. 'બલ્બની' જૂથના અનુભવહીન અમીરો આ ખોટ પૂરી શક્યા નહીં. જેના પરિણામ સ્વરૂપે ઇલ્બરી (ગુલામ) વંશના શાસનનો અંત આવ્યો અને એક નવા ખિલજી વંશની સ્થાપના થઈ.

અલાઉદ્દીન ખિલજીના શાસનકાળમાં અમીરોના સમૂહની રચનાનો વિસ્તાર થયો. હવે અમીરોનું કોઈ એક જૂથ રાજ્ય ઉપર પોતાની એકહથ્થુ સત્તા કે એકાધિકારનો દાવો કરવાની સ્થિતિમાં ન રહ્યું. હવે અમીરોની નિયુક્તિનો મુખ્ય આધાર સ્વામીભક્તિ અને યોગ્યતા ઉપર હતો. કોઈ ખાસ જાતિ કે માન્યતાને આધારે નિયુક્તિ થતી નહીં. આ સાથે અલાઉદ્દીન અમીર-ઉમરાવો પર વિવિધ પ્રકારનાં નિયંત્રણો પણ રાખતો હતો. આ ઉપરાંત અલાઉદ્દીન ખિલજી દ્વારા જમીન મહેસૂલનો દર 50 ટકા સુધી વધારવાથી અમીરો સંતુષ્ટ બન્યા, કારણ કે 'ઈક્તા'ની આવક વધવાથી અમીરોના વેતનમાં પણ વધારો થયો. સાથોસાથ સલ્તનતના સીમાડાઓ વિસ્તરતા રાજ્યનાં ઉપકરણોમાં પણ એટલો વધારો થયો કે યોગ્યતાને આધારે કેટલીયે નવી વ્યક્તિઓને જવાબદારીભર્યાં સ્થાનો મળવા લાગ્યાં. પરંતુ આ સ્થિતિ બહુ લાંબો સમય ચાલી નહીં. અલાઉદ્દીન ખિલજીના અવસાન પછી અમીર-ઉમરાવો વચ્ચે ખુલ્લેઆમ કાવાદાવા અને સંઘર્ષ થવા લાગ્યા અને થોડા જ સમય પછી ખિલજી વંશના શાસનનો અંત આવ્યો.

જ્યાં સુધી તઘલખ વંશને લાગેવળગે છે ત્યાં સુધી તમે એ અભ્યાસ કરી જ ગયા છો કે મુહમ્મદ તઘલખે કેવી રીતે ફેરવી ફેરવીને, વારંવાર અમીર-ઉમરાવોને સંગઠિત કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ અમીર-ઉમરાવો પર નિયંત્રણ રાખવાના તેના તમામ પ્રયાસો નિષ્ફળ ગયા હતા. ખુરાસાની અમીરો, જેને તે 'અઇજમ' એટલે કે 'પ્રિય' કહેતો, તેણે પણ તેને દગો દીધો હતો. અમીરો દ્વારા ઊભી કરવામાં આવેલ સમસ્યાઓ અને સંકટોનું અનુમાન તો તેના વિરુદ્ધ થયેલા લગભગ 22 જેટલા બળવાઓ પરથી થઈ શકે છે. આ દરમિયાન એક મોટો પ્રાદેશિક વિસ્તાર તેણે ગુમાવ્યો, જે પાછળથી દક્ષિણ ભારતના 'બહમની રાજ્ય' તરીકે પ્રસિદ્ધ થયું. મુહમ્મદ તઘલખના અવસાન બાદ આ સમસ્યા કાબૂ બહાર વિસ્તાર પામી. આ પરિસ્થિતિમાં ફિરોજ તઘલખ દ્વારા અમીર-ઉમરાવો પ્રત્યે સખત વર્તાવ રાખવાની આશા વ્યર્થ હતી. તેના શાસનકાળમાં તો અમીરોને અનેકવિધ સુવિધાઓ આપવામાં આવી. અમીરો પોતાને મળેલા ઈક્તાને વંશપરંપરાગત બનાવવામાં સફળ થયા. સુલતાન ફિરોજ તઘલખની તૃષ્ટિકરણની નીતિ અમીર-ઉમરાવોને ખુશ રાખી શકી પરંતુ આગળ જતાં આ નીતિ વિનાશકારી સાબિત થઈ. લશ્કરી શિસ્ત અને કાર્યક્ષમતાને આથી જબરો ધક્કો પહોંચ્યો. કારણ કે અલાઉદ્દીન ખિલજી દ્વારા ઘોડાઓ પર વ્યક્તિગત ઓળખ માટે શરૂ કરવામાં આવેલ દાગ (છાપ) પ્રથા લગભગ સમાપ્ત થઈ ગઈ. આથી ફિરોજના ઉત્તરાધિકારીઓ અને પછીના શાસકો માટે દિલ્હી સલ્તનતના પતનના પ્રવાહને ખાળવો અશક્ય બની ગયો.

સૈયદ વંશ (1414 - 1451 A.D.) અને લોદી વંશ (1451 - 1526 A.D.)ના સમયમાં પરિસ્થિતિમાં કોઈ જ ફેરફાર થયો નહીં. સૈયદ વંશના શાસકો ઝઝૂમી રહેલા સંકટને ખાળવા માટે ન તો દૃઢ ઇચ્છાશક્તિ ધરાવતા હતા કે ન તો તે માટેની કોઈ યોગ્યતા ધરાવતા હતા.

લોદી વંશના સુલતાન સિકંદરે નજીક આવતા વિનાશને રોકવા માટેનો અંતિમ પ્રયાસ કર્યો. પરંતુ અફઘાન અમીર-ઉમરાવોના આંતરિક મતભેદો અને તેની અમર્યાદિત એવી વ્યક્તિગત માન્યતાઓ અને વલણોએ દિલ્હી સલ્તનતના પતનની પ્રક્રિયાને વધુ ઝડપી બનાવી દીધી અને સલ્તનત પર છેલ્લો પ્રહાર ઇબ્રાહીમ લોદીના સમયમાં મુઘલ વંશના સ્થાપક એવા બાબરના હાથે થયો.

**'તમારી પ્રગતિ ચકાસો' - અ**

1. સૌથી મોટા પુત્રને ગાદી મળે એવા નિયમના અભાવે દિલ્હી સલ્તનતના પતનમાં શી ભૂમિકા ભજવી ?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

2. અફઘાનોના રાજાશાહી અંગેના સિદ્ધાંતની મુખ્ય વિશેષતાઓ દર્શાવો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

3. દિલ્હી સલ્તનતના પતનમાં અમીરોની ભૂમિકા ભજવેલા ભાગનું ટીકાત્મક પરીક્ષણ કરો.

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

## 18.4 મહેસૂલી વ્યવસ્થાનું સંકટ

ઇલ્તુત્મિશે ઈક્તા વ્યવસ્થા સ્વરૂપે એક નક્કર મહેસૂલ અનુદાન નીતિનો પ્રારંભ કર્યો હતો. આ વ્યવસ્થા દ્વારા નવસ્થાપિત સલ્તનતના એક વિશાળ વહીવટી તંત્રના નિભાવ માટેની જોગવાઈ કરવામાં આવી હતી. ફિરોઝ તઘલખના સમયમાં તેના અમલીકરણમાં અનેક વિકૃતિઓનો પ્રવેશ થયો. તેના શાસનકાળમાં મહેસૂલ અનુદાન અથવા તો ઈક્તા વ્યવસ્થા વંશપરંપરાગત અને સ્થાયી બની ગઈ. અફીફ જણાવે છે તેમ "કોઈ વ્યક્તિનું અવસાન થતાં તેનું પદ કાયમી ધોરણે તેના પુત્રને મળી જતું હતું. જો તેને કોઈ પુત્ર ન હોય તો તેના જમાઈને મળતું. જો જમાઈ ન હોય તો તેના ગુલામને મળતું અને જો કોઈ ગુલામ પણ ન હોય તો તેના પરિવારની મહિલાને આપવામાં આવતું." સિકંદર લોદી(1449 - 1517 A.D.)એ તો ઈક્તાધારકો દ્વારા બચેલું વધારાનું નાણું (ફવાજિલ) રાજ્યના ખજાનામાં જમા કરાવવાનું જ બંધ કરી દીધું. તેના શાસનકાળમાં ઈક્તાધારકો દ્વારા પોતાના અનુદાનને પુન: પોતાને વફાદાર કે આધીન એવા અન્ય લોકોને સહાયતારૂપે આપવાની પ્રથા ફૂલી-ફાલી હતી.

સલ્તનત ઉપર આ તમામ બાબતોનો ગંભીર પ્રભાવ પડ્યો. આમ થતાં રાજ્યને માત્ર મહેસૂલી આવકનું જ મોટું નુકસાન થયું એમ નહિ, બલ્કે કાયમી અનુદાન પ્રથાથી અનુદાનધારકોએ પોતપોતાના પ્રાદેશિક વિસ્તારોમાં પ્રભાવ જમાવી દીધો. તેણે ભ્રષ્ટાચાર અને બળવાઓને વેગ આપ્યો.

## 18.5 પ્રાદેશિક રાજ્યોનો ઉદય

દિલ્હી સલ્તનતના સ્થાપનાકાળથી જ દિલ્હીના સુલતાનો અને 'તેના અમીર-ઉમરાવો વચ્ચેના સંઘર્ષના ઇતિહાસનો અભ્યાસ તમે અગાઉ કરી ગયા. કેન્દ્રીય સત્તા મજબૂત હતી. સક્ષમ હતી ત્યારે તો આ સંઘર્ષ કે બળવાઓને સફળતાપૂર્વક દબાવી દેવાયા. મુહમ્મદ તઘલખના શાસનકાળમાં એટલે કે 1347માં બહમની રાજ્યની સ્થાપના સમયે પહેલી વાર રાજ્યમાં વિઘટનની પ્રક્રિયા શરૂ થઈ. તઘલખ વંશના અંત સાથે 'ભારતના રાજકીય આકાશમાં અમાસની અંધારી રાતે ચમકતા નાનામોટા તારલાઓ'ની વાસ્તવિકતા જોવાનો સમય હવે આવી ચૂક્યો હતો. સૈયદ અને લોદી વંશના શાસનકાળ દરમિયાન આ પરિસ્થિતિ વધારે વણસી ગઈ.-પરિણામે 14મી સદીના ઉત્તરાર્ધમાં અને ખાસ કરીને તૈમૂરના ભારત પરના આક્રમણ પછી કેન્દ્રીય સત્તા નબળી પડતાં સલ્તનત હવે ઉત્તર તથા દક્ષિણ ભારતમાં નાનામોટાં સ્વતંત્ર હિંદુ તેમ જ મુસ્લિમ રાજ્યોમાં વિઘટિત થઈ ગઈ. કેટલાયે મહત્ત્વના પ્રાંતીય ગવર્નરોએ પોતાનાં સ્વતંત્ર રાજ્યો

સ્થાપિત કરી દીધાં. જેમ કે માળવામાં ઈ.સ. 1401માં દિલાવરખાને, ગુજરાતમાં ઈ.સ. 1407માં જફરખાને, જોનપુરમાં ઈ.સ. 1394માં ખ્વાઝા જહાંને તથા 15મી સદીમાં જ રાજસ્થાનના કેટલાક પ્રદેશોએ પોતાની સ્વતંત્રતાની જાહેરાત કરી દીધી. બંગાળ તો 13મી સદીના અંતથી જ બુધરાખાનના સમયથી જ અર્ધ સ્વતંત્ર હતું. આ રાજ્યોની સરહદો નક્કી ન હોવાથી તેઓ પોતાનાં પડોશી રાજ્યોને જીતીને પોતાને આધીન કરવા હંમેશાં તત્પર રહેતા હતા. તેઓની સત્તા બળ ઉપર જ નિર્ભર હતી. આ સ્વતંત્ર રાજ્યોની સત્તાને દિલ્હીના નબળા સુલતાનો કાબૂમાં રાખી શક્યા નહીં.

દિલ્હી સલ્તનતનું વાસ્તવિક ક્ષેત્રફળ દિલ્હીની આજુબાજુના 320 કિલોમીટર પૂરતું જ મર્યાદિત બની ગયું હતું. તેનાં ઘણાં જ ગંભીર પરિણામો આવ્યાં. ગુજરાત, માળવા, બંગાળ અને જોનપુર જેવા ઉપજાઉ પ્રદેશો સલ્તનતમાંથી નીકળી જતાં રાજ્યના મહેસૂલી સાધનોમાં ભારે મોટો ઘટાડો થયો. વિદ્રોહી તત્ત્વોનો સામનો કરવા કે તેમને બળપૂર્વક દબાવી દેવા માટે રાજ્ય હવે લાંબા યુદ્ધની સ્થિતિમાં ન હતું. સૈયદ અને લોદી વંશના શાસન દરમિયાન તો સ્થિતિ એટલી હદે વણસી ગઈ કે જમીન મહેસૂલ સમયસર ઉઘરાવવા માટે પણ અવારનવાર સૈનિક કૂચો મોકલવી પડતી હતી. દા.ત. 1414થી 1432 સુધી મેવાત અને કટહરના નાનામોટા રાજવીઓના દમન માટે સતત સૈનિક ટુકડીઓ મોકલવી પડી હતી. એ જ રીતે બયાના અને ગ્વાલિયરના નાનાં રાજ્યો મહેસૂલ આપવાના પ્રશ્ને ઘૂરકિયાં કરવા લાગ્યાં. આથી 1416 થી 1506 સુધી સતત તેમના વિરુદ્ધ લશ્કર મોકલવું પડ્યું. આ ઘટનાઓ ઉપરથી સ્પષ્ટ થાય છે કે 15મી સદીમાં સલ્તનતના પ્રદેશો પર સુલતાનોનું નિયંત્રણ નામમાત્રનું જ રહ્યું હતું. આ સંજોગોમાં ખૂબ જ ઓછા પ્રયાસે સલ્તનતને ઉખાડીને ફેંકી દઈ શકાય તેમ હતી.

## 18.6 મંગોલ

દિલ્હી સલ્તનતના પતન માટેનાં અનેકવિધ કારણોમાં એક કારણ મંગોલ આક્રમણોને ગણવામાં આવે છે. દિલ્હી સલ્તનતની ઈ.સ. 1206માં સ્થાપના થઈ ત્યારથી જ તેના ઉપર ઇતિહાસ પ્રસિદ્ધ મંગોલ આક્રમણનો ભય ઝઝૂમતો હતો. પરંતુ ઇલ્તુત્મિશની દૂરદર્શિતાએ નવપ્રસ્થાપિત દિલ્હી સલ્તનતને એક વિનાશક આપત્તિમાંથી ઉગારી લીધું. તમે વિભાગ 4માં આ અંગે અભ્યાસ કરી ગયા. આ પછી થોડા થોડા સમયને અંતરે મંગોલ આક્રમણો મુહમ્મદ તઘલખના શાસનકાળ સુધી ચાલુ રહ્યાં. સુલતાન બલ્બન, અલાઉદ્દીન ખિલજી અને મુહમ્મદ તઘલખ મંગોલ આક્રમણો પ્રત્યે સજાગ હતા એટલું જ નહીં પરંતુ આ આક્રમણોને મારી હઠાવવામાં સંપૂર્ણપણે સફળ રહ્યા.

આ મંગોલ આક્રમણોને ખાળવામાં દિલ્હીના સુલતાનોને સારા એવા પ્રમાણમાં નાણાંનો વ્યય થયો અને મોટી સંખ્યામાં સૈનિકોની ખુવારી સહન કરવી પડી. પરંતુ એકંદરે મંગોલ આક્રમણોથી દિલ્હી સલ્તનતની તાકાત નબળી પડી એમ કહી શકાય નહીં. હા, ક્યારેક તેનાથી લાગેલા આઘાતો મોટા સ્વરૂપના જરૂર હતા. પરંતુ સમગ્રતયા જોઈએ તો આ મંગોલ આક્રમણોએ દિલ્હી સલ્તનતની આર્થિક વ્યવસ્થા અને રાજ્યતંત્રને કોઈ ગંભીર કે વધારે નુકસાન પહોંચાડ્યું ન હતું.

**'તમારી પ્રગતિ ચકાસો' - બ**

1. ઈક્તા વ્યવસ્થાના અમલીકરણમાં થયેલા ફેરફારોના કયાં પરિણામો આવ્યાં ?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

2. દિલ્હી સલ્તનતના પતન માટે પ્રાદેશિક રાજ્યોના ઉદયે શો ભાગ ભજવ્યો ?

........................................................................................................

........................................................................................................

........................................................................................................

........................................................................................................

## 18.7 સારાંશ

દિલ્હી સલ્તનતકાળમાં ઉત્તરાધિકારી માટેના કોઈ પ્રસ્થાપિત કે સ્પષ્ટ નિયમો ન હતા, જે સલ્તનતના પતન માટેનું એક મહત્ત્વપૂર્ણ એવું રાજકીય પરિબળ હતું. તમામ ઇસ્લામી રાજ્યોના

સલ્તનતના પતન માટેનું એક મહત્ત્વપૂર્ણ એવું રાજકીય પરિબળ હતું. તમામ ઇસ્લામી રાજ્યોના ઇતિહાસમાં આ સ્થિતિ એકસમાન હતી. જ્યાં સુધી સુલતાન શક્તિશાળી હોય અને તેને અમીર-ઉમરાવોનું સમર્થન મળતું રહે તો અમુક અંશે વંશાનુગત રાજ્ય સ્થાપવાની સ્થિતિમાં તે રહેતો. આ પરિસ્થિતિઓમાં અમીર-ઉમરાવ વર્ગોમાં મતભેદો અને આંતરિક ઝઘડાઓ દબાયેલા રહેતા હતા. પરંતુ સહેજ પણ તક મળતાં તેઓનો આંતરિક સંઘર્ષ ઘણું કરીને હિંસક સ્વરૂપે સામે આવીને ઊભો રહેતો. પ્રારંભમાં ઈક્તા વ્યવસ્થાએ કેન્દ્રીય સત્તાને મદદ કરી તેનું સ્થાનાંતર અને સ્થાયી ન હોવું એ બાબત સુલતાનની તાકાતના પ્રતીક સમાન બની રહી. પરંતુ આ પ્રથામાં જ્યારે પરિવર્તન આવ્યું ત્યારે તેણે રાજ્યની શક્તિને વિઘટનના માર્ગે આગળ ધપાવી. સલ્તનતના વિવિધ પ્રાદેશિક વિસ્તારોમાં સ્વાયત્ત અને સ્વતંત્ર રાજકીય કેન્દ્રોની સ્થાપનાએ આ પ્રક્રિયાને ઝડપી બનાવી. મંગોલ હલ્લાઓએ પણ સલ્તનતને આંચકા આપ્યા પરંતુ એકંદરે જોઈએ તો આથી સલ્તનતના રાજકીય અને આર્થિક માળખાને ખાસ મોટું નુકસાન પહોંચ્યું ન હતું.

## 18.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

**અઇઝ્ઝા** : 'જે પ્રિય છે' (મુહમ્મદ તઘલક પોતાના ખુસરાની અમીરોને અઇઝ્ઝા કહેતો), **અમરા** : અમીરનું બહુવચન - અમીરો, **યારાન-એ-હશ્મ** : સૈનિક

## 18.9 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**'તમારી પ્રગતિ ચકાસો' - અ**

1. વિભાગ 18.2 જુઓ.
2. વિભાગ 18.3 જુઓ.
3. વિભાગ 13.3 જુઓ.

**'તમારી પ્રગતિ ચકાસો' - બ**

1. વિભાગ 18.4 જુઓ.
2. વિભાગ 18.5 જુઓ.

## 18.10 કેટલાંક ઉપયોગી પુસ્તકો

A.B.M. Habibullah, *The Foundation of Muslim Rule in India.*

W. H. Moreland, The Agrarian System of Moslem India. I Chapters II & III.

R. S. Tripathi, *Some Aspects of Muslim Administration.*

K. S. Lal, *History of Khaljis (Chapter XI).*

Mohammad Habib & K. A. Nizami, *A Comprehensive History of India*, Vol V.

Tapan Ray Chaudhuri & Irfan Habib, *The Cambridge Economic History of India* Vol I (PP. 45 - 82)

Bharatiya Vidya Bhavan's, *History and Culture of the Indian People Vol. V.*

Dr. A. L. Shrivastav, *The Sultanate of Delhi.* Dr. Ishwari Prasad, *A short History of The Muslim Rule in India.*

Stanely lane Poole : *Medeaval India.* I. H. Qureshi, *Administration of the Sultanate of Delhi.*

ડૉ. છોટુભાઈ નાયક, *મધ્યયુગીન ભારત,* ભાગ - 1-2.

# પરિશિષ્ટ*

**તેરમા અને ચૌદમા સૈકાના પ્રાંતીય ગવર્નરો :**

11મા પ્રકરણમાં 'પ્રાંત અને ગવર્નર' શબ્દનો ઉપયોગ બે પ્રત્યય સમૂહોનો નિર્દેશ કરવા માટે કરાયો છે. જેને હું કાં તો સમર્થનાત્મક માનું છું અથવા એમાં ઘણો ઓછો આંતરિક ભેદ જોઉં છું. આનું આપણા વર્તમાન ઉદ્દેશની નજરે વિશેષ કોઈ મહત્ત્વ નથી. પ્રથમ સમૂહ છે વિલાયત વલી, વિલાયત શબ્દનો પ્રયોગ ઐતિહાસિક વિવરણોમાં જુદા જુદા અર્થોમાં કરેલ છે. જેને સંદર્ભના આધાર પર લગભગ હંમેશાં સતર્કતાપૂર્વક પરિલક્ષિત કરી શકાય છે. તેનો અર્થ છે : (1) સામ્રાજ્યનો એક વિસ્તાર એટલે કે પ્રાંત (2) સામ્રાજ્યનો અનિશ્ચિત વિસ્તાર અથવા પટ (3) સામ્રાજ્યનો સમગ્ર વિસ્તાર (4) એક અન્ય દેશ (5) કોઈ પરદેશીનો પોતાનો દેશ. આ અંતિમ અર્થમાં અંગ્રેજી ભાષાના બ્લાઇટી (Blighty) શબ્દને સહજ સ્વીકૃતિ મળેલ છે. 'વલી' શબ્દનો ક્યારેક બીજા દેશના શાસકના અર્થમાં પણ ઉપયોગ કરવામાં આવે છે. પરંતુ તેનો સામાન્ય અર્થ છે સામ્રાજ્યના એક પ્રાંતનો ગવર્નર એટલે કે સમ્રાટ અથવા એના પ્રધાનોના હાથ નીચે કામ કરતો સ્થાનિક અધિકારી.

હું માનું છું ત્યાં સુધી એવો સંકેત ક્યાંય મળતો નથી કે ઉપરોક્ત સમયે વલીનો અમલદારશાહીપદથી વિશેષ કોઈ અર્થ હતો. ગવર્નર શબ્દથી એનો સ્પષ્ટ અર્થ સમજાય છે અને આ વાત સમગ્ર પશ્ચિમી એશિયાના ઇતિહાસને લાગુ પડે છે. અન્ય સમૂહો ઇક્તા, મુક્તિ (iqta, muqti) બાબતે આપણને જુદી જુદી સ્થિતિ જોવા મળે છે. ઓગણીસમી સદીના ઘણાબધા અનુવાદકોએ આ પ્રત્યયોનું ભાષાંતર યુરોપની સામંતશાહી વ્યવસ્થામાંથી લીધેલ શબ્દાવલીમાં કરેલ છે. અત્યારના કેટલાક લેખકોએ પણ એનું અનુસરણ કર્યું છે. માટે જ તેમનાં પુસ્તકોમાં આપણને જાગીર (fiets) અને સામંતશાહી સરદાર (feudal chief) જેવા કેટલાક શબ્દપ્રયોગો જોવા મળે છે. સામાન્ય વાચકને જાતે જ નિર્ણય કરવાનો રહેતો કે દિલ્હી સલ્તનતનું સંગઠન એક જુદી જ પ્રક્રિયા હતી. જેના તાબા નીચેના કેટલાક પ્રાંતોમાં અમલદારશાહી-ગવર્નર (વલી) શાસન કરતા હતા. પરંતુ દેશનો મોટો ભાગ (મુક્તા) આધુનિક યુરોપના સામંતો (barons) જેવી વ્યક્તિઓ(મુક્તી)ના તાબા નીચે હતો. એટલા માટે આ પ્રશ્ન સમજવો જરૂરી થઈ પડે છે કે શું આ અભિવ્યક્તિ ખરેખર તથ્યો દર્શાવે છે ? અથવા બીજા શબ્દોમાં જોઈએ તો શું રાજ્યના તાબા નીચે કેટલાંક એવાં તત્ત્વો હતાં જેના માટે સામંતશાહી પદ્ધતિની નામાંકિત પ્રણાલિકાનો ઉપયોગ યોગ્ય રીતે કરી શકાય તેમ છે. યુરોપની સામંતશાહી વ્યવસ્થાના સ્વરૂપ બાબતે વિદ્યાર્થીઓને પૂરતી જાણકારી છે. દિલ્હી સલ્તનત નીચેની મુક્તીની સ્થિતિને ઇતિહાસના લેખો દ્વારા સમર્થન આપી શકાય તેમ છે. એક તુલનાત્મક અભ્યાસ દ્વારા એ જોઈ શકાય તેમ છે કે ઉત્તર ભારતમાં ખેતીવાડીને લગતા ઇતિહાસના વિવેચનમાં આ શબ્દો યોગ્ય પ્રકાશ પાથરે છે અથવા એવો ભ્રમ પેદા કરે છે.

ઇન્ડો-પર્શિયન સાહિત્યમાં ઇક્તાનો અર્થ ભવિષ્યમાં થનાર સેવાઓ માટે આપવામાં આવતી મહેસૂલી ગ્રાન્ટ. મુગલ યુગમાં આ શબ્દ (તુયુલની સાથે સાથે) વધુ જાણીતા શબ્દ જાગીરના પર્યાયના રૂપમાં વારંવાર વપરાયો છે. તેરમા સૈકામાં પણ આ શબ્દનો એ જ અર્થ થતો આવ્યો છે. એનું સમર્થન બર્ની(60, 61)ના 2000 સૈનિકોના એક વર્ણનમાંથી મળી રહે છે. આ સૈનિકોને પ્રતિબંધિત જમીન-ગ્રાન્ટ પ્રદાન કરવામાં આવી હતી પરંતુ તેઓ આ પ્રતિબંધિત સેવાઓમાંથી સાવ બચી ગયા હતા. આ લોકોના તાબા નીચેનાં ગામોને ઇક્તા અને એમને ઇક્તાદાર તરીકે ઓળખવામાં આવેલ છે. બર્નીએ (50) 'વીસ ઇક્તા' પદનો પ્રયોગ સલ્તનતના વિશેષ ભાગને સૂચિત કરવા કરેલ છે. એ સ્પષ્ટ છે કે 'વીસ ઇક્તા' ઉપરોક્ત લેખમાં મળતા 2000 ઇક્તાથી બિલકુલ જુદા જ પ્રકારના શ્રેણીક્રમ તરફ સંકેત કરે છે. ઇતિહાસલેખન સંબંધી તમામ સામગ્રીમાં ઇક્તાનો ઉલ્લેખ જમીન-ગ્રાન્ટના રૂપમાં જ નહીં પણ શાસકીય જવાબદારીના રૂપમાં કરવામાં આવેલ છે. બંને અર્થો વચ્ચેના ભેદને સ્વામિત્વ સંબંધી શ્રેણીઓના પ્રયોગથી અત્યંત સ્પષ્ટ રીતે આકારવામાં આવેલ છે. આ સમયે ઇક્તાદારનો અર્થ જમીનની ગ્રાન્ટ મેળવનાર, અને મુક્તીનો અર્થ શાસનની જવાબદારીઓ નિભાવનાર એવો થતો હતો. હવે સવાલ એ ઊભો થાય છે કે મુક્તીની સ્થિતિને સામંતશાહી કે નોકરશાહી માની શકાય ?

* આ પરિશિષ્ટ ડબલ્યુ. એચ. મોરલેંડના પુસ્તક "Agrarian System of Moslem India"ના પરિશિષ્ટ 'બ'નો ગુજરાતી અનુવાદ છે.

પહેલાં આપણે મુક્તી માટે પસંદ થતા એ અમીર-ઉમરાવ વર્ગોની ઉત્પત્તિની ચર્ચા કરીશું. સર્વ પ્રથમ ઐતિહાસિક વર્ણનોમાંથી એ સમયના આગેવાન અમીર-ઉમરાવોનાં જીવનચરિત્રો[1] પ્રાપ્ત થાય છે તે પરથી જણાય છે કે મુક્તીના રૂપમાં રહેલી લગભગ તમામ વ્યક્તિએ પોતાના જીવનકાળનો પ્રારંભ ગુલામના રૂપમાં કર્યો હતો. દિલ્હીના બીજા સુલતાન સમશુદ્દીન અલ્તમશે કે જે જાતે પહેલાં સુલતાનનો ગુલામ હતો તેણે પણ પોતાની અંગત સેવાઓ માટે ગુલામ ખરીદ્યા અને તેમની લાયકાત સંબંધી પોતાની મૂલ્યાંકન પદ્ધતિને આધારે પોતાના સામ્રાજ્યમાં સર્વોચ્ચ હોદ્દાઓ પર એમની યોગ્યતા મુજબ બઢતી પણ આપી હતી.

મારી નજરે એ વાત તદ્દન અશક્ય જણાય છે કે આ પ્રકારના અમીર-ઉમરાવ વર્ગની આવી સામંતશાહી વ્યવસ્થાના સ્વરૂપમાં વિચાર કરવામાં આવે જેના અંતર્ગત સુલ્તાન પોતાના વિસ્તારનો કેવળ પ્રમુખ હોય. વાસ્તવમાં આપણે જોઈ શકીએ છીએ કે ગુલામોથી ભરપૂર એક શાહી પરિવાર કે જે એક ગુલામ તરીકેના સ્થાનેથી આગળ વધીને પ્રાંતો કે સમસ્ત સામ્રાજ્યના વહીવટકર્તા તરીકે પોતાની યોગ્યતા કે પક્ષપાતના આધારે જઈ શક્યો હતો. ટૂંકમાં આ સામાન્ય એશિયાઈ પ્રકારની લોકશાહી હતી. મુક્તીની વાસ્તવિક સ્થિતિનું પરીક્ષણ કરતાં આવો જ અર્થ-સાર જોવા મળે છે. જ્યાં સુધી મને જાણ છે ત્યાં સુધી એનું વર્ણન કોઈ ચોક્કસ શબ્દાવલીમાં કરવામાં આવેલ નથી. પરંતુ પ્રાપ્ત થતી સામગ્રીમાં અંકિત ઘટનાઓ નીચે મુજબના સારાંશને યોગ્ય ઠરાવે છે.

1. મુક્તીને પોતાના કોઈ ક્ષેત્રીય અધિકારો મળેલ ન હતા અને ન તો તે કોઈ ચોક્કસ વિસ્તાર પર દાવો કરી શકે તેમ હતા. તેમની નિમણૂક સુલતાન જ કરતો. અને તેને કોઈ પણ સમયે નોકરીમાંથી હટાવી શકતો કે અન્ય સ્થળે બદલી શકતો. આ શક્યતાના સમર્થનમાં એટલા બધા દાખલા મળી રહે છે કે તે તમામ અત્રે આપવા શક્ય નથી. લગભગ દસેક પાનાં વાંચતાં સુધીમાં તો આપણને સુલતાનના આ વિશેષાધિકારના ઉપયોગનાં દૃષ્ટાંતો મળી રહે છે. જીવનચરિત્રોના ઉપરોક્ત સારસંક્ષેપ પણ એ બાબત સ્પષ્ટ કરે છે કે તેરમા સૈકામાં મુક્તીના સ્થાન બાબતે કોઈ અનિવાર્ય સંબંધ ન હતો. સુલતાન તેને પોતાની ઇચ્છાનુસાર લાહોરથી લખનૌ સુધી ગમે તે સ્થળે નિયુક્ત કરી શકતો હતો. એ જ રીતે આગામી ચૌદમા સૈકામાંથી પણ દૃષ્ટાંતો મળી રહે છે. બર્નીનાં વર્ણનો (42) અનુસાર ગ્યાસુદ્દીન તુઘલકે ગાદી પર બેઠા પછી પોતાનાં સગાંસંબંધીઓને ઇક્તા આપ્યા હતા.

આ 'ઇતિહાસ' પુસ્તિકાને આધારે કેટલાંક ખાસ જીવનચરિત્રોનો ટૂંકસાર નીચે આપેલ છે: તગાનખાન(પૃ. 242)ને સમશુદ્દીને ખરીદીને ધીમે ધીમે સાકી-ખાસ, એ દાવતદાર[2], આશનીગીર, અમીર-એ-આસૂર, બદાયુનીના મુક્તી અને પછી લખનૌના મુક્તી તરીકે નિયુક્ત કર્યો. જ્યાં એને શાહી પ્રતીક-ચિહ્ન આપવામાં આવ્યું.

સૈફુદ્દીન ઐબક(પૃ. 259)ને સુલતાને ખરીદીને કાળક્રમે સર-એ-જમાદાર, સર-એ-જાનદાર, સમાનાના મુક્તી, બરનના મુક્તી અને છેવટે વકીલ-એ-દરના રૂપમાં નિયુક્ત કર્યો. જે એ વખતે દરબારનું સૌથી વધુ સન્માનપાત્ર પદ હતું.

તુગરિલખાન (પૃ. 261) પણ એક ગુલામ હતો. જેણે ધીમે ધીમે નાયબ-એ, ચાશનીગીર, અમીર-એ-મજાલિસ, શાહનગી-એ-વકીલ, અમીર-એ-આસૂર, સરહિંદ અને ત્યાર બાદ લાહોર, કનોજ તેમ જ અવધના મુક્તી તરીકે કામ કર્યું હતું. છેવટે તેને લખનૌ મળ્યું.

અલુગખાન (પૃ. 281) જે પાછળથી બલ્બનના નામે મશહૂર થયો. એના માટે કહેવાય છે તેનો સંબંધ તુર્કસ્તાનના એક અમીર કુટુંબ સાથે હતો. પરંતુ કેટલીક ખાસ સ્થિતિમાં તેને ગુલામ બનાવવામાં આવ્યો હતો. તેને વેચવા માટે પહેલાં બગદાદ અને પછી ગુજરાત લાવવામાં આવ્યો હતો. ત્યાંથી એક ગુલામ વેચનાર વેપારીએ તેને દિલ્હી લાવીને સુલતાનને વેચી દીધો. તેને શરૂઆતમાં એક અંગત સેવકના રૂપમાં નીમવામાં આવ્યો તે પછી ક્રમશઃ રમત સંચાલક, અશ્વશાળા નિરીક્ષક, હાંસીના મુક્તી, લૉર્ડ ચેમ્બરલેન બન્યા પછી છેવટે દિલ્હી સલ્તનતનો ઉપરાજા અને તે પછી હેસિયતવાળો શાસક બન્યો.

**2. મુક્તી :** મૂળભૂત રીતે તેને સોંપવામાં આવેલ વહીવટીય જવાબદારીઓ નિભાવતો હતો.

---

(1) ટી. નાસિરીની બુક XXII, પૃ. 229.

(2) દવાતદાર શબ્દકોષમાં મળનાર 'રાજકીય સચિવ' અર્થ યોગ્ય લાગતો નથી. કારણ કે આપણને મળતી માહિતી અનુસાર સુલતાનની રત્નજડિત કલમ ખોઈ નાંખવા માટે તગાનખાનને કઠોર સજા ફટકારવામાં આવી હતી. હું આ શબ્દ(દવાતદાર)ને સમ્રાટની લેખન-સામગ્રી પર દેખરેખ માટે જવાબદાર કર્મચારીના રૂપમાં જ લઉં છું. પાછળથી મુખ્ય દવાતદાર એક ઉચ્ચ અધિકારી ગણાવા લાગ્યો હતો.

આ હકીકત આ સમયના કોઈ પણ ઐતિહાસિક ગ્રંથના કોઈ પણ જાગ્રત પાઠકથી છાનું રહે તેમ નથી એનાં અનેક દૃષ્ટાંતો પણ આપી શકાય એમ છે. પરંતુ નીચે આપેલાં જ પૂરતાં થઈ પડશે. બર્ની(પૃ. 96)એ વિગતે લખ્યું છે કે બલ્બને કઈ રીતે પોતાના પુત્ર બુગરાખાનને બંગાળની ગાદી પર બેસાડ્યો. એ પ્રસંગે એણે આપેલ સલાહ પણ (બર્નીએ) નોંધી છે. પોતાના દીકરાઓને આળસુ અને નકામા જોઈને એણે ખાસ કરીને સુલતાનને પોતાની ગાદી જાળવવા માટે સક્રિય સતર્કતાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આ પ્રસંગે એણે સુલતાન (ઈકલીમદારી) અને ગવર્નર (વિલાયતદારી) વચ્ચેનો ભેદ સ્પષ્ટ કર્યો. તેના મતે સુલતાનની ભૂલો અસાધ્ય અને એના કુટુંબ માટે વિઘાતક પુરવાર થઈ શકે તેમ હતી જ્યારે ગવર્નરશિપ-(વિલાયતદારી)ની બાબતે બેપરવા અને અસર વગરની હોવા છતાં મુક્તીને આર્થિક દંડ અથવા સહનશક્તિના જોખમ છતાં પોતાના જીવન તેમ જ પોતાના પરિવાર માટે ભયભીત થવાની જરૂર ન હતી અને તે ફરીથી રાજકીય રક્ષણ મેળવી શકે તેમ હતી. આમ, મુક્તીની વિશેષ ભૂમિકા ગવર્નરપદની હતી. પોતાની જવાબદારી નિભાવવામાં નિષ્ફળ જતાં તેને આર્થિક દંડ કે છટણીની (નોકરીમાંથી ઘેર બેસવાની) સજાનો સામનો કરવો પડતો હતો.

આગામી (ચૌદમી) સદીમાં અરીફ (414) દ્વારા આપવામાં આવેલ એક વર્ણન અત્રે આપી શકાય તેમ છે. જેમાં કઈ રીતે મહેસૂલ ખાતામાં નિયુક્ત અમીર આઈન ઉલ મુલ્કે સંબંધિત મંત્રી સાથે ઝઘડો કર્યો અને પરિણામે તેને બરખાસ્ત કરી દેવામાં આવ્યો તેનું વર્ણન છે. ત્યારે સુલતાને તેને મુલતાનના મુક્તીપદે નિયુક્ત કરતાં કહ્યું કે, ''પ્રાંત(ઇક્તા)માં જઈ પોતાની જવાબદારીઓ (કારહા-વા-કરદારહા) સંભાળવા લાગો.'' આઈન ઉલ મુલ્કે જવાબમાં કહ્યું કે, ''હું જ્યારે ઇક્તાની જવાબદારી સંભાળી લઈશ ત્યારે મારા માટે મહેસૂલ ખાતાને હિસાબ સોંપવો મુશ્કેલ હશે. હું તે હિસાબ સીધો જ રાજદરબારને મોકલી આપીશ.'' આ વાતે સુલતાને મુલતાનની મહેસૂલી બાબતોને મહેસૂલ ખાતાથી અલગ કરી દીધી. તેથી આઈન ઉલ મુલ્કે નિમણૂકનો સ્વીકાર કર્યો. ઉપર્યુક્ત ગદ્યાંશની ભાષા મુક્તીની સ્થિતિને માત્ર વહીવટી રૂપમાં દર્શાવી આપે છે.

(3) રાજ્યની સેવા માટે એક લશ્કરી ટુકડી દર વખતે તૈયાર રાખવી તે મુક્તીની જવાબદારી હતી. આ ટુકડીઓના હોદ્દા અંગે અમીરોને માટે પ્રસારિત કરેલ ગ્યાસુદ્દિન તઘલકના આદેશો-(બર્ની 431)માં જોવા મળે છે. આ લોકોને તેણે ઇક્તા અને વિલાયત આપી દીધાં હતાં. એ કહેતો કે સૈનિકોના પગારમાંથી એક નાનકડી રકમની પણ લાલચ ન કરશો. પોતાના પગારમાંથી એમને કંઈ આપવું કે નહીં એ તમારે જાતે જ નક્કી કરવાનું છે. પરંતુ સૈનિકોના નામથી કાઢેલ એક નાનકડી રકમની પણ જો તમે અપેક્ષા રાખતા હો તો અમીર-ઉમરાવનું પદ તમને ક્યારેય ન મળવું જોઈએ. જે અમીર-ઉમરાવ સૈનિકોના વેતનમાંથી થોડાક ભાગની પણ આશા રાખતો હોય તેના માટે બહેતર છે કે તે ધૂળ ફાકીને જીવે. મુક્તીની સેના, તેની સંખ્યા તથા પગાર વગેરે બાબતો સુલતાન જાતે જ નક્કી કરતો હતો અને તેના ખર્ચનો હિસાબ પણ જાતે જ રાખતો હતો. મુક્તી પોતાની ઇચ્છાનુસાર પોતાનાં સાધનો દ્વારા સૈનિકોના પગાર વધારી શકતો પરંતુ એની સ્વતંત્ર શક્તિની આ મર્યાદા પણ હતી.

(4) મુક્તીએ પોતાના વિસ્તારોમાંથી મહેસૂલની ઉઘરાણી કરવાની રહેતી. તેમાંથી સૈનિકોના પગાર જેટલી અંદાજિત રકમ બાદ કરીને બાકીની રકમ રાજધાનીમાં આવેલ રાજકોષમાં મોકલી આપવાની રહેતી. દા.ત. (બર્ની પૃ. 220) ગાદી પર આવતાં પહેલાં જ્યારે અલ્લાઉદ્દીન ખલજી કડા અને અવધનો મુક્તી હતો અને દખ્ખણના વિસ્તારોમાં આક્રમણની યોજનાઓ ઘડતો હતો ત્યારે તેણે થોડીક વધુ લશ્કરી ટુકડીઓના આયોજન માટે પ્રાંતો પાસેથી વધારાના મહેસૂલની કેન્દ્રની માગણી સ્થગિત કરવા અરજી આપી હતી. એણે ખાતરી આપી હતી કે પાછા ફર્યા પછી તે આ સ્થગિત કરેલ વધારાનું મહેસૂલ તેને મળેલા લાભો સાથે રાજકોષમાં જમા કરાવી દેશે.

(5) મુક્તીની આર્થિક વ્યવસ્થા - નાણાં મેળવવાં અને ખર્ચ કરવાં - બંનેનો હિસાબ મહેસૂલ ખાતાના અધિકારીઓ દ્વારા તપાસવામાં આવતો હતો. તેની (મુક્તીની) પાસે વધેલ રકમની ઉઘરાણી ક્રમબદ્ધ રીતે અને કેટલાક કિસ્સામાં સુલ્તાનની દેખરેખ નીચે ઘણી જ કડકાઈપૂર્વક કરવામાં આવતી હતી. ગ્યાસુદ્દીન તઘલકના ઉપરોક્ત આદેશથી જાણવા મળે છે કે ઇક્તા અને વિલાયતોના માલિકોને આ પ્રક્રિયામાં ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. એમનો નિર્દેશ હતો કે આ બાબતે તેમની સાથે સામાન્ય અધિકારીઓ જેવો વર્તાવ ન કરવામાં આવે. એના દીકરા મહંમદના શાસનકાળમાં આ સખ્તાઈમાં વધારો કરવામાં આવ્યો. દા.ત. બર્ની

(પૃ. 556-557) ફિરોજના નિપુણ અને ઉદાર વહીવટી તંત્રમાં અપનાવવામાં આવેલા બરાબર પ્રતિકૂળ વર્તન પર ભાર મૂકે છે. ફિરોજના સમયે આને કારણે કોઈ પણ વલી કે મુક્તી બરબાદીનો ભોગ બન્યા ન હતા.

મુક્તીની હેસિયત બાબતે આ કથન શુદ્ધ નોકરશાહી સંગઠનનો સંકેત આપી જાય છે. આપણે આ સંગઠિત વિધિ બાબતે સુલતાન પોતાની મરજી મુજબ અધિકારીની નિમણૂક, બદલી, છટણી (છૂટા કરવા) અથવા કોઈ નાનીમોટી સજા કરતો જણાયો છે. એમણે સુલતાનના આદેશો અનુસાર પોતપોતાના વિસ્તારનો વહીવટ કરવાનો તથા મહેસૂલ ખાતાના સુદૃઢ નાણાકીય નિયંત્રણને આધીન રહીને ચાલવાનું રહેતું હતું. આમાંની કોઈ પણ વિશેષતાની બરાબરી કરે તેવી ઘટના આપણને યુરોપની સામંતશાહી વ્યવસ્થામાં જણાતી નથી. યુરોપના ઇતિહાસના એક નિષ્ણાતને મેં ઉપરોક્ત સારાંશ વંચાવ્યો ત્યારે એમણે સાફ જણાવ્યું કે એમાં વર્ણવવામાં આવેલ સામંતશાહી સંગઠન કાયદાની સાથે નહીં પણ ઇંગ્લૅન્ડના હેન્રી દ્વિતીય જેવા શાસકો દ્વારા સામંતવાદના વિકલ્પ તરીકે સ્થાપિત કરવામાં આવેલ પ્રયત્ન સાથે સરખાવી શકાય તેમ છે. સામંતશાહી શબ્દનો પ્રયોગ મોટે ભાગે એ તથ્યથી પ્રેરિત હતો કે દિલ્હી સલ્તનતના કેટલાક અમીરો ખાસ પ્રસંગોએ સામંતો જેવું જ વર્તન કરતા હતા. અર્થાત્ રાજગાદી પર કબજો જમાવવા માટે કાં તો તે બળવાનો આશ્રય લેતા હતા અથવા આ કે પેલા પક્ષ તરફથી લડાઈમાં જોડાઈ જતા હતા. પરંતુ એશિયાના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો તેનું પ્રમાણ એટલું ઓછું અને ઉપરછલ્લું છે કે સામંતવાદ સંબંધી શબ્દાવલીમાં એના દ્વારા દર્શાવેલ ખોટી ધારણાઓને યોગ્ય ઠરાવી શકાય તેમ નથી. આ રાજાશાહીઓ, અમલદારશાહી તેમ જ સામંતશાહી ન હતી પરંતુ એનું વહીવટીતંત્ર સંપૂર્ણપણે અમલદારશાહીયુક્ત જ હતું એમ કહી શકાય.

એ પ્રશ્ન તો ઊભો જ રહે છે કે વલી અને મુક્તીના હોદ્દા અને કામકાજમાં કોઈ ફર્ક હતો ? ઐતિહાસિક લખાણોમાં વલીનો ઘણો ઓછો ઉલ્લેખ મળી આવે છે. જેને આધારે એવું કોઈ પણ વિધાન કરી શકાય નહીં જેવું આપણે મુક્તીને લગતી સામગ્રીને આધારે કરી શકીએ છીએ. વારંવાર ઉપયોગમાં લેવામાં આવતા બંને શબ્દો વલી અને મુક્તી અથવા ઇક્તા તેમ જ વિલાયત બતાવે છે કે આ બંને સંસ્થાઓ એક સમાન સ્વરૂપ ધરાવતી હોવા છતાં તેમની વચ્ચે રહેલ નાનકડો તફાવત પણ ભુલાવો જોઈએ નહીં. એક લેખકના મતે આ તફાવત રાજધાનીથી એમના સ્થાનના અંતરને કારણે હતો.[1] નજીકના પ્રાંત ઇક્તાના રૂપમાં ઓળખાતા હતા અને દૂરના વિલાયતના રૂપે. પરંતુ ઐતિહાસિક વર્ણનોની ભાષાનું વિશ્લેષણ કરતાં આ મત ટકતો નથી. માત્ર શબ્દો પર જ ધ્યાન આપવાથી સ્પષ્ટ દેખાઈ આવે છે કે વલી અમલદારશાહી માટે તદ્દન યોગ્ય એવો ઇસ્લામિક શબ્દ છે. આઠમી સદીમાં બગદાદના યુસુફે (પૃ. 161, 163) આ જ અર્થમાં આ શબ્દપ્રયોગ કરેલ છે. મેં પ્રારંભિક ઇસ્લામી સાહિત્યમાં જે જે અનુવાદ જોયા છે તેમાં ઇક્તા તથા મુક્તી શબ્દોની છણાવટ કરેલ નથી, પરંતુ જે રીતે ભારતમાં પહેલો (ઇક્તા) શબ્દ પ્રચલિત થઈ રહ્યો હતો તેને અનુદાનના સ્વરૂપમાં જ આપણે યોગ્ય અનુભવ કરી શકીએ તેમ છીએ. એક પ્રાંત માટે 'ઇક્તા'નો શબ્દપ્રયોગ કરવા પાછળનો મૂળ આશય એ હતો કે જે તે પ્રાંત અનુદાનમાં આપવામાં આવેલ હતો એમ જણાઈ આવે. અર્થાત્ ગવર્નર એ બાબતે જવાબદાર હતો કે તે રાજકીય સેવાઓ માટે લશ્કરી ટુકડીનો નિભાવ કરે. એ સંભવિત છે કે કોઈ સમયે વલી અને મુક્તી વચ્ચે આ બાબતે જ તફાવત રહી જવા પામ્યો હશે કે પ્રથમને લશ્કરી ટુકડીઓ રાખવી પડતી ન હતી જ્યારે બીજાને એ રાખવી પડતી હતી તેમ છતાં જો બંને વચ્ચેનો મૂળ તફાવત જો આ જ હતો તોપણ તે ગ્યાસુદ્દીન તઘલકના સમય સુધી અપ્રાસંગિક બની ચૂક્યો હતો કારણ કે લશ્કરી ટુકડીઓને લગતા આદેશો ઇક્તા અને વિલાયત જેવા બે અમીર વર્ગોને સરખી રીતે લાગુ પડતા હતા.

ઐતિહાસિક વર્ણનમાંથી પણ વલી અને મુક્તીની વચ્ચે કોઈ અન્ય સંભવિત તફાવતનો સંકેત મળતો નથી. આ તથ્ય કે કેટલાક પ્રસંગે આપણને વિલાયત અને મુક્તીનો ઉલ્લેખ મળે છે[2]

1. કાનૂગો, શેરશાહ (પૃ. 349-350) બર્નીએ વિલાયત શબ્દનો ઉપયોગ દિલ્હીના સમિપવર્તી પ્રાંતો જેવા કે બરદ (પૃ. 58), અમરોહા (પૃ. 50) અથવા સમાના (પૃ. 483) માટે કરેલ છે. જ્યારે મુલતાન (પૃ. 584) અને મરહટ અથવા મરાઠા દેશ(પૃ. 390)નું વર્ણન ઇકતાના રૂપમાં કરેલ છે. ચૌદમી સદીમાં કેટલાક દૂરના પ્રાંતોનું સ્તર જુદું જ હતું. તેઓ ગવર્નર કરતાં વજીરને આધીન રહેતા (બર્ની 379, 397, 454 વગેરે). પરંતુ તેમને વિલાયત અથવા ઇકતા તો કેમે કરીને ન કહી શકાય.
2. દા.ત. ટી. નાસિરી, અવધ વિદ્યાલયના 'મુક્તી' (પૃ. 246, 247), સરસુતી વિલાયતના 'મુક્તી' (પૃ. 256). ઉપર જણાવ્યા અનુસાર બર્ની (પૃ. 96) 'મુક્તીની જવાબદારીનું વર્ણન વિલાયતદારીના રૂપમાં આપે છે

તે એ વાતનો સંકેત આપે છે કે વ્યાવહારિકપણે જોતાં આ બંને શબ્દો સમાનાર્થી હતા. એ શક્યતા નકારી શકાય તેમ નથી કે લાયકાત બાબતે મામૂલી તફાવત હતો. દા.ત. મહેસૂલ વિભાગના હિસાબ-કિતાબ પદ્ધતિ બાબતે. પરંતુ ખેતીવાડીના વહીવટી તંત્રની નજરે આ મુદ્દા વધુ મહત્ત્વના ન હતા. મારા મતે આપણા આ વિચારનો સંપૂર્ણપણે અસ્વીકાર કરવો યોગ્ય થઈ પડશે કારણ કે દિલ્હી રાજાશાહીમાં કેટલાંક એવાં તત્ત્વો હતાં કે જેમના માટે સામંતશાહી વ્યવસ્થાથી જોડાયેલ શબ્દાવલીનો ઉપયોગ કરી શકાય તેમ હતો. મહેસૂલ ખાતાના સીધા વર્ચસ્વ નીચે આવનાર ક્ષેત્રો સિવાય સમગ્ર રાજ્ય અમલદારશાહી ગવર્નરો દ્વારા વહીવટીય પ્રાંતોમાં વિભાજિત હતું. આ ગવર્નરો અને મંત્રાલય વચ્ચેના સંબંધોમાં તફાવત જણાય છે. પરંતુ જ્યાં સુધી કોઈ ખાસ પ્રાંતની ખેતીવાડીના વહીવટનો પ્રશ્ન છે ત્યાં સુધી વલી અને મુક્તી અગર સંપૂર્ણપણે નહીં તો કમસે કમ વ્યવહારમાં તો સમાનાર્થક માની શકીયે તેમ છે. એ વાત ઉમેરી શકાય કે આ પરવર્તી શબ્દ લાંબા સમય સુધી પ્રચલિત ન રહી શક્યો. પંદરમી સદીના મધ્ય ભાગમાં લખાયેલ તારીખ-એ-મુબારકશાહીમાં પૂર્વવર્તી ઐતિહાસિક વર્ણનોનો સારાંશ આપતાં આ શીર્ષક સૂચવાયું છે. પરંતુ પોતાના સમયનું વર્ણન આપતાં ખુદ લેખકે અમીર શબ્દનો પ્રયોગ કર્યો છે. આ શબ્દનો પ્રયોગ એક સદી પૂર્વે જ ઇબ્નબતૂતાએ કર્યો હતો. એ ભારતીય ગવર્નરોની ચર્ચા ક્યારેક વલી અને ક્યારેક અમીરના રૂપમાં કરે છે. પરંતુ મને જાણવા મળ્યું છે કે મુક્તીના રૂપમાં ક્યારેય નહીં સંભવત: એના સમય સુધી અમીર શબ્દનો વ્યાપક પ્રયોગ થવા માંડ્યો હતો. અકબરના શાસનકાળમાં લેખક નિજામુદ્દીન અહમદની ભાષાની તુલના બર્ની સાથે કરવા સહિત એણે સારાંશ આપ્યો. તે પરથી સ્પષ્ટ થાય છે કે તેણે એક જગ્યાએ હાકેમ શબ્દ અપનાવ્યો છે. ફરિસ્તાએ કોઈ ઘણા બધા પ્રસંગે મુક્તી શબ્દની પુનરાવૃત્તિ કરેલ છે. પરંતુ મોટે ભાગે હાકેમ, સિપાહસાલાર અથવા કોઈક અન્ય આધુનિક સમાનાર્થી શબ્દનો ઉપયોગ પણ કરેલ જણાય છે. અકબરના શાસનકાળ દરમ્યાન મુક્તી સ્પષ્ટપણે એક પુરાતાત્ત્વિક શબ્દ બની ચૂક્યો હતો.

નોંધ

નોંધ

નોંધ